RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 214 Dt. 26-11-2024 Page : 08 Price : Rs 3




**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## મહારાષ્ટ્રના નવા CM માટે દેવેન્દ્ર ફડણવીસ 'હોટફેવરિટ'

### RSS એ આપ્યું સમર્થન : અમિત શાહ સાથે મુલાકાતની વાત



નવીદિલ્હી તા. ૨૫

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી પદના સંભવિત દાવેદાર અંગેની અટકળો વચ્ચે, RSSએ તેના પોતાના એક નેતા દેવેન્દ્ર ફડણવીસને સમર્થન આપ્યું છે. આ રાજ્ય નેતૃત્વમાં રાજકીય-વૈચારિક સાતત્યની સ્પષ્ટ પસંદગી સૂચવે છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) રાજકીય બાબતોમાં કોઈ ઔપચારિક સંડોવણી હોવાનું જાણીતું નથી અને રાજકીય નિર્ણયોમાં તેની ભૂમિકાને નકારે છે. પરંતુ, ભાજપનો વૈચારિક સ્ત્રોત હોવાને કારણે, તેની પાસે સામાજિક-રાજકીય પરિસ્થિતિઓ સંબંધિત તેના મંતવ્યો અને ટિપ્પણીઓ વ્યક્ત કરવાની પોતાની રીતો છે. જો કે મહારાષ્ટ્રના સીએમની ચૂંટણી અંગે અંતિમ નિર્ણય ભાજપની ટોચની નેતાગીરી લેશે. ફડણવીસ તમામ ધારાસભ્યોના નેતા રહ્યા છે. તેમના ચહેરાએ જ ભાજપના લોકોનું સમર્થન જીત્યું હતું. આનાથી મહારાષ્ટ્રમાં બીજેપી-આરએસએસ સંકલનને પણ મજબૂત બનાવશે, આરએસએસના એક કાર્યકર્તાએ જણાવ્યું.

પૂર્વ સીએમ ફડણવીસ ફરી એકવાર રાજ્યમાં ટોચના હોદ્દા માટે મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે અને આરએસએસ કાર્યકારીના જણાવ્યા મુજબ, સંઘ સાથેની તેમની ઓળખ દોષરહિત છે. ૧૩૨ બેઠકો સાથે - ૨૮૮-સભ્યોની વિધાનસભામાં બહુમતીના આંકથી માત્ર ૧૨ ઓછા - ભાજપ આ પદ માટે સૌથી મજબૂત દાવેદાર છે અને સરકાર બનાવવા માટે માત્ર એક સાથીદારની જરૂર છે. પરંતુ શિવસેના, માત્ર ૫૭ બેઠકો જીતવા છતાં - ભાજપની અડધાથી ઓછી, સરળતાથી હાર માની રહી નથી. અહેવાલો અનુસાર, શિવસેનાના નેતાઓને લાગે છે કે તે તેમના નેતા એકનાથ શિંદે હતા જેમણે વર્તમાન મુખ્ય પ્રધાન તરીકે તેમના શાસન સાથે શાસક ગઠબંધનની ઐતિહાસિક જીતનો માર્ગ મોકળો કર્યો હતો. શિંદે મહાયુતિના સૌથી લોકપ્રિય નેતા હોવાનો દાવો કરવા માટે તેઓ ઓપિનિયન પોલના ડેટા પણ ટાંકે છે.

જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે તેમને આયોજિત કાર્યક્રમ માટે દિલ્હી જવાનું હતું. દેવેન્દ્ર ફડણવીસ લોકસભા સ્પીકર ઓમ બિરલાની પુત્રીના લગ્નમાં હાજરી આપવા માટે દિલ્હી જઈ રહ્યા છે. દેવેન્દ્ર ફડણવીસ, એકનાથ શિંદે અને અજિત પવાર ઓમ બિરલાના ખાનગી કાર્યક્રમમાં હાજરી આપશે.

આ પછી મોડી રાત્રે ગૃહમંત્રી અમિત શાહ સાથે તેમની મુલાકાત થવાની પણ શક્યતા છે. પરંતુ ફડણવીસ દિલ્હીમાં ભાજપના વરિષ્ઠ નેતાઓને પણ મળશે.



## રણસંગ્રામ બન્યું સંસદ કાલ સુધી સ્થગિત

### અનેક મુદ્દાઓ પર હંગામો : વિપક્ષી સભ્યોએ ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસા અંગે સૂત્રોચ્ચાર કર્યા અને યુએસ કોર્ટમાં એક અગ્રણી ઉદ્યોગપતિ પર લાગેલા આરોપોની તપાસની માંગ કરી

નવી દિલ્હી, તા. ૨૫

શિયાળુ સત્રના પહેલા દિવસે સોમવારે એટલે કે ૨૫મી નવેમ્બરે વિપક્ષે અનેક મુદ્દાઓ પર હંગામો મચાવ્યો હતો. આથી લોકસભાની કાર્યવાહી કોઈ મહત્વની કામગીરી વિના સ્થગિત કરવામાં આવી હતી. બપોર પછી ગૃહની પુનઃ બેઠક શરૂ થતાં, વિપક્ષી સભ્યોએ ઉત્તર પ્રદેશના સંભલમાં હિંસા અંગે સૂત્રોચ્ચાર કર્યા અને યુએસ કોર્ટમાં એક અગ્રણી ઉદ્યોગપતિ પર લાગેલા આરોપોની તપાસની માંગ કરી.

સ્પીકર બીજેપી સાંસદ સંધ્યા રાયે પૂછ્યું કે શું સભ્યો ગૃહમાં કાર્યવાહી ચાલવા દેવા માટે તૈયાર નથી? આ પછી અધ્યક્ષે કાર્યવાહી બુધવાર સુધી સ્થગિત કરી દીધી. અગાઉ, આ વર્ષે સંસદીય ચૂંટણીમાં જીતેલા બે સાંસદો સહિત મૃત સભ્યોને શ્રદ્ધાંજલિ આપ્યા પછી નીચલા ગૃહને બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું. બંધારણ અપનાવવાની ૭૫મી વર્ષગાંઠની વાર્ષિક ઉજવણીની શરૂઆત કરવા માટે સંસદ મંગળવારે બંધારણ સભાના સેન્ટ્રલ હોલમાં એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, ભારતની સંસદમાંથી એવો સંદેશ પણ આપવો જોઈએ કે ભારતના મતદારોનું લોકશાહી પ્રત્યે સમર્પણ છે, બંધારણ પ્રત્યે તેમનું સમર્પણ છે, સંસદીય કાર્યપ્રણાલીમાં તેમનો વિશ્વાસ છે, સંસદમાં બેઠેલા આપણે બધાએ જીવવું છે. લોકો ની લાગણીઓ માટે હશે. આપણે અત્યાર સુધી જે સમય વેડફ્યો છે તેના માટે થોડો પસ્તાવો કરીએ, સંસદ ભવનમાં દરેક વિષયના વિવિધ પાસાઓને ખૂબ જ સ્વસ્થ રીતે ઉજાગર કરીએ, આવનારી પેઢીઓ પણ તે વાંચશે અને તેમાંથી પ્રેરણા લેશે. મને આશા છે કે આ સત્ર ખૂબ ફળદાયી રહેશે. તેણે બંધારણના ૭૫મા વર્ષના ગૌરવને વધારવું જોઈએ, ભારતની વૈશ્વિક ગરિમાને મજબૂત કરવી જોઈએ, નવા સાંસદોને તક આપવી જોઈએ અને નવા વિચારોનું સ્વાગત કરવું જોઈએ.



કોંગ્રેસ દિલ્હી-એનસીઆરમાં મણિપુર હિંસા, સંભલ હિંસા અને પ્રદૂષણ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવા પર અડગ છે. કેન્દ્ર સરકાર આ માટે આટલી સરળતાથી સહમત નહીં થાય. જો કે, સરકારે રવિવારે કહ્યું કે બંને ગૃહોની બિઝનેસ એડવાઈઝરી કમિટી ચર્ચા કરશે અને મુદ્દાઓ પર નિર્ણય લેશે. સરકારે તમામ પક્ષોને સંસદનું સત્ર સુચારુ રીતે ચલાવવા અનુરોધ કર્યો હતો. વિવાદાસ્પદ વકફ (સુધારા) બિલ અને મણિપુર હિંસાને ધ્યાનમાં રાખીને સંસદના શિયાળુ સત્રમાં ભારે હોબાળો થવાની અપેક્ષા છે.

વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દા પર, સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ સર્વપક્ષીય બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું કે બંને ગૃહોની સંબંધિત વ્યવસાય સલાહકાર સમિતિઓ સ્પીકરની સંમતિથી શિયાળુ સત્રમાં ચર્ચા માટેના મુદ્દાઓ પર નિર્ણય લેશે. લોકસભા અને રાજ્યસભાના અધ્યક્ષ. તમને જણાવી દઈએ કે મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણી દરમિયાન પણ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ અદાણી ગ્રુપને તમામ કોન્ટ્રાક્ટ આપવાનો મુદ્દો જોરદાર રીતે ઉઠાવ્યો હતો. દરમિયાન હવે અમેરિકામાં તેની સામે કેસ નોંધાયા બાદ વિપક્ષ તેને મોટો મુદ્દો બનાવવા માંગે છે.

### વિપક્ષના નેતાનો દરજ્જો ન ઘટવો જોઈએ : ધનખડ

સંસદનું શિયાળુ સત્ર સોમવારથી હંગામા સાથે શરૂ થયું છે. સોમવારે ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો શરૂ કર્યો હતો. પરિણામે, પ્રથમ દિવસે બંને ગૃહો માત્ર થોડી મિનિટો માટે જ કામ કરી શક્યા. સંસદમાં ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યસભામાં અધ્યક્ષ જગદીપ ધનખર અને વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે વચ્ચે શબ્દયુદ્ધ થયું. સંસદના શિયાળુ સત્રના પ્રથમ દિવસે રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખર અને વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે વચ્ચે અદાણી મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મલ્લિકાર્જુન ખડગે નિયમ ૨૬૭ પર ચર્ચાની માંગ કરી રહ્યા હતા. નિયમ ૨૬૭ હેઠળની તમામ ચર્ચાઓને ફગાવી દેતા ધનખરે જવાબ આપ્યો કે રેકોર્ડ પર કંઈ નથી ચાલી રહ્યું. જ્યારે જગદીપ ધનખરે સ્ટેન્ડ પરથી કહ્યું કે ખુરશી પર બેસીને બધું જ બોલાય છે, તે તમે બીજા કરતાં વધુ જાણો છો.અધ્યક્ષે ખડગેને કહ્યું કે અમે ખૂબ જ ખાસ સમયગાળામાં છીએ – તે ભારતીય બંધારણને અપનાવવાનું ૭૫મું વર્ષ છે. આશા છે કે તેને મર્યાદામાં રાખવામાં આવશે. તેના પર ગૃહમાં વિપક્ષના નેતા ખડગેએ કહ્યું કે સર, તેઓ ૭૫ વર્ષ જીવ્યા, જેમાંથી મારો હિસ્સો પણ ૫૪ વર્ષનો છે. આ કંઈ શીખવવાની કે કહેવાની વાત નથી. તેના પર વચ્ચે પડતાં અધ્યક્ષે કહ્યું કે હું એક વિનંતી કરવા માંગુ છું.જગદીપ ધનખરે કહ્યું કે આપણે વિપક્ષના નેતાનો દરજ્જો ઘટાડવો જોઈએ નહીં. એમ કહીને અધ્યક્ષે ખડગેને બોલવાનું આમંત્રણ આપ્યું. જો કે, તે પહેલા ફરી બોલતા તેમણે કહ્યું કે તમે ૫૪ વર્ષથી આપેલા યોગદાનનો લાભ લોકોને મળવો જોઈએ. બાદમાં ખડગેએ ફરી અદાણીનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના પર સ્પીકરે કહેવું પડ્યું કે પરસ્પર ચર્ચા રેકોર્ડ પર નથી ચાલી રહી.

## વન નેશન - વન સબસ્ક્રિપ્શનને કેબિનેટની મંજૂરી

### PAN ૨.૦ને પણ અપાઈ લીલીઝંડી : મધ્યમ વર્ગ અને નાના ઉદ્યોગો માટે બનશે આશીર્વાદરૂપ

નવીદિલ્હી, તા. ૨૫

કેન્દ્રીય કેબિનેટે સોમવારે મળેલી બેઠકમાં ઘણા મહત્વના નિર્ણયો લીધા હતા. બેઠકમાં ક્અગ ૨.૦ને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે પાન કાર્ડ આપણા જીવનનો એક ભાગ છે. મધ્યમ વર્ગ અને નાના ઉદ્યોગો માટે આ મહત્વપૂર્ણ છે. તેને અપગ્રેડ કરવામાં આવ્યું છે. ક્અગ ૨.૦ મંજૂર કરવામાં આવ્યો છે. આ અંતર્ગત હાલની સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવશે. તેમજ ઈનોવેશન મિશન માટે ૨૭૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી.

આ સાથે વન નેશન એન્ડ વન સબસ્ક્રિપ્શનના અમલને પણ મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે વન નેશન વન સબસ્ક્રિપ્શનનો સૌથી મોટો ફાયદો યુવાનો અને વિદ્યાર્થીઓને થશે. તેમણે કહ્યું કે સંશોધન માટે ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રકાશનોની જરૂર છે. આ ખૂબ ખર્ચાળ છે. ક્ખએ તેને નવા સ્વરૂપમાં બદલ્યું છે. તમામ યુનિવર્સિટીઓ તેમના સંસાધનો વન નેશન વન સબસ્ક્રિપ્શનમાં શેર કરશે. સરકાર તમામ વિશ્વ પ્રસિદ્ધ જર્નલો લાવશે. તેમનું લવાજમ લેવામાં આવશે અને દેશની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આના પર અંદાજે ૬,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે.

અશ્વિની વૈષ્ણવે કહ્યું કે કેન્દ્રીય કેબિનેટે રૂ. ૨૭૫૦ કરોડના ખર્ચે અટલ ઈનોવેશન મિશન ૨.૦ને મંજૂરી આપી છે. અટલ ઈનોવેશન મિશન ભારતમાં યુવાનોને ઈનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપમાં આગળ લાવવા માટે શરૂ કરવામાં આવ્યું હતું. અમે જાણ્યું હતું કે અટલ ઈનોવેશન મિશનની પ્રથમ આવૃત્તિમાં સ્થાનિક ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. તેથી અમે અટલ ઈનોવેશન મિશન ૨.૦ અમલમાં મૂક્યું છે. આ અંતર્ગત આવા ૩૦ ઈનોવેશન સેન્ટર ખોલવામાં આવશે જે સ્થાનિક ભાષામાં કામ કરશે.



## તું સમાજનો ગદ્દાર છો તેમ કહી જયંતિ સરધારા પર હુમલો



■ PI સંજય પાદરીયા દ્વારા હુમલો કરાતા ચકચાર, ગુન્હો નોંધવા તજવીજ

રાજકોટ મિરર, તા.૨૫

શહેરના મવડી-કણકોટ રોડ પરની વાડીમાં લગ્ન પ્રસંગે હાજર રહેલા જયંતી સરધારા નામના મનપાના પૂર્વ કોર્પોરેટર જયંતી સરધારા પર આજે હિચકારો હુમલો થતા ચકચાર જાગી હતી. જાણકારોના મતે આ હુમલો પીઆઈ સંજય પાદરીયા દ્વારા કરાયો હોવાના આક્ષેપો થયા છે. હુમલા બાદ ઘવાયેલા સરધારાને ખાનગી હોસ્પીટલમાં ખસેડાયા હતા. લોકોમાં ચર્ચાઓ સંભળાઈ હતી કે, હુમલાનું કારણ ખુદ જે.કે. સધારાની જીભ હોવાનું મનાય છે.

પ્રાપ્ત વિગતો મુજબ રામ્યુકોના પૂર્વ કોર્પોરેટર જયંતીભાઈ સરધારા આજે મવડી-કણકોટ રોડ પરની શ્યામ તેમના ભત્રીજાના દીકરાના ભાણેજના લગ્ન પ્રસંગમાં હતા ત્યારે તેઓની ગાડી વચ્ચે ઉભા રહીને પીઆઈ સંજય પાદરીયાએ ''તું સમાજનો ગદ્દાર છો, સરદારધામના ઉપપ્રમુખ તરીકે કેમ જોડાયો ? ખોડલધામ અને સરદારધામ વચ્ચે વર્ષોથી વેરઝેર છે, નરેશ પટેલ સામે થયો તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી માથામાં કોઈ હથિયાર ફટકારી દેતા જયંતી સરધાર લોહીલુહાણ હાલતમાં પોતાની કાર લઈને ભાગ્યા હતા. આવા સમયે પણ સંજય પાદરીયાએ ફરી કાંઠલો પકડી કારમાંથી બહાર કાઢવાની કોશિશ કરી કહ્યું હતું કે, આટલી વાર લાગશે મારી નાખવામાં !




બનાવની જાણ પરથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. દરમિયાન ઈજાગ્રસ્ત જયંતી સરધારાને સારવાર માટે ગીરીરાજ નામની ખાનગી હોસ્પીટલમાં સારવાર માટે ખસેડાયા હતા.

બનાવ સમયે લોકોના મોટા ટોળામાં ચર્ચાતું હતું કે, છેલ્લા પખવાડિયા થયા ખોડલધામ સહિતના આગેવાનો વિષે એલફેલ બોલતા હોવાનું મનાય છે. ટોળાના અમુક શાણા લોકોમાં એવું પણ ચર્ચાતું હતું કે '' હાડકા વગરની જીભ હાડકા ભંગાવી નાખે'' તેવી વાત જયંતી સરધારા માટે સાબિત થઈ હોવાનું મનાય છે.

આ અંગે જે હોય તે પણ બનાવની જાણ પરથી ઉચ્ચ પોલીસ કાફલો ખાનગી હોસ્પિટલે દોડી ગયો છે અને ઈજાગ્રસ્ત સરધારાનું નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી હતી. બીજીબાજુ આ આ લખાય છે ત્યારે રાત્રીના ૧૨:૦૪ વાગ્યે તાલુકા પોલીસ સ્ટેશનનો ફોન રીસીવ કરનાર મહિલા પીએસઓએ ''રાજકોટ મિરર''ને જણાવ્યું હતું કે. જયંતીભાઈ કરશનભાઈ સરધારા (ઉ.૫૮) (રહે. શ્રી રામપાર્ક, શેરી-૧, નવનીત હોલ પાસે કોઠારિયા રોડ, રાજકોટ) વાળા આજે રાત્રીના ૮-૩૫ વાગ્યાની આસપાસ કણકોટ રોડ પર શ્યામ પાર્ટી પ્લોટમાંથી લગ્નપ્રસંગ પૂર્ણ કરી બહાર નીકળતા હતા ત્યારે પીઆઈ સંજય પદારીયાએ જયંતી સરધારાણે રોકી કોઈ વસ્તુ વડે હુમલો કરી કપાળમાં મુંઢ ઈજા કરતા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલી ગીરીરાજ હોસ્પીટલમાં વોર્ડ ૫૦૨માં દાખલ કરેલ છે. પોલીસના કહેવાનુસર ઈજાગ્રસ્તનું નિવેદન લીધા બાદ ગુન્હો નોંધાશે.

# ભારતીય સંવિધાન અમૃતપર્વ નિમિત્તે આજે રાષ્ટ્રીય સેમિનાર

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ભારતીય વિચાર મંચ ગુજરાત પ્રાંત અને અનુસ્નાતક સંસ્કૃત ભવનના ઉપક્રમે હાથ ધરાશે







રાજકોટ, તા. ૨૫

ભારતીય વિચાર મંચ એક વૈચારિક કાર્ય કરતી ગત્રક્ષ્ઘ છે. સમગ્ર દેશમાં પ્રજ્ઞા પ્રવાહ નામથી કાર્ય કરતું આ સંસ્થા બિનરાજકીય સંગઠન છે. ગુજરાતમાં આ પ્રજ્ઞા પ્રવાહ અંતર્ગત ભારતીય વિચાર મંચના નામથી છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત છે . રાજકોટ કેન્દ્રમાં અત્યાર સુધીમાં જાહેર કાર્યક્રમો વ્યાખ્યાનો વિચાર ગોષ્ઠિઓ કરવામાં આવી છે.

''આનો ભદ્રા કતવો યન્તુ વિશ્વતઃ'' વિશ્વભરમાંથી આવેલા શુભ વિચાર પ્રાપ્ત થાવો આ ધ્યેય સૂત્ર પર કાર્યરત ભારતીય વિચાર મંચ એક બૌદ્ધિક આંદોલન છે. વિચાર સર્વોપરી છે વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે, તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. હજારો વર્ષથી આ દેશના મહાન ચિંતકોએ આ સમાજને શાશ્વત મૂલ્યોને લગતા વિવિધ વિચારો અને ઉદ્દેશો આપ્યા છે. દેખીતી રીતે વિરોધાભાસી વિચાર પ્રવાહો વચ્ચે સુમેળ એ આ મૂલ્યોની એક અદ્ભુત વિશેષતા છે. વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલકબળ છે. શાશ્વત સિદ્ધાંતોના મજબૂત પાયા પર ગતિશીલ સામાજિક જીવનની રચના તે આપણા રાષ્ટ્રની શ્રેષ્ઠતાનો પુરાવો છે. ભારતીય વિચાર મંચના લક્ષ્યો છે કે, જીવનના ઉત્કૃષ્ટ ભારતીય મૂલ્યોના આધારે રાષ્ટ્ર જીવનના દરેક ક્ષેત્રમાં યુગ નિર્માણ પુનર્ગઠનની દિશા અને સ્ત્રોત શોધવા ધાર્મિક વિસ્તરણવાદ, વિદેશી વિચારધારા અને શાસક રાજકારણના વાસ્તવિક પાત્ર અને પ્રવૃત્તિઓથી દેશવાસીઓને વાકેફ કરવા માટે જન્મ આપવો અને રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતાનું વાતાવરણ ઊભું કરવું. મેકોલે અને માર્ક્સવાદના ભારતીય માનસ પુત્રો અને મતની રાજનીતિમાં રમતા રાજનીતિમાં રાજકારણીઓ દ્વારા ઉભી કરેલી ભ્રમજાળ સમાન ખોટી માહિતી અને અપપ્રચારનો અસરકારક જવાબ આપવો, આ લક્ષ્યો સિદ્ધ કરવા માટે વિવિધ વિષયો પર પ્રવચનો, ચર્ચા સત્રો, પરિસંવાદો, જાહેર ચર્ચાઓનું સતત આયોજન કરવામાં આવે છે.

વર્ષઃ ૨૦૦૯થી સતત મહત્ત્વના વિષયો પર બે દિવસની રાષ્ટ્રીય પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય વિચાર મંચ દ્વારા ૬૫ જેટલા પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. ગુજરાત પ્રાંતમાં વિવિધ વિચાર મંચના ૧૯ કેન્દ્રો આવેલા છે, છેલ્લા ૨૮ વર્ષથી ગુજરાતમાં ભારતીય વિચાર મંચ કામ કરી રહ્યું છે.

''ભારતીય સંવિધાન અમૃતપર્વ પર પ્રબુદ્ધજનોની ભૂમિકા'' વિષયક રાષ્ટ્રીય સેમિનારમાં પ્રબુદ્ધજનો ભાગ લેશે ભારતીય સંવિધાન સ્વીકારના ૩૫ વર્ષ પૂર્ણ થતા હોય આ અમૃતપર્વ નિમિત્તે આખા દેશમાં ભારતીય સંવિધાન અંગેના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભારત સરકાર દ્વારા વર્ષ : ૨૦૧૯ થી સંવિધાન સ્વીકાર દિવસ એટલે કે, ૨૬, નવેમ્બર-૧૯૪૯ના દિવસે સંવિધાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો તે દિવસને ભારત સરકાર દ્વારા બંધારણ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને યુ. જી. સી. દ્વારા પ્રતિવર્ષ દેશની યુનિવર્સિટીઓને પરિપત્ર કરીને આ બંધારણ દિવસની ઉજવણી કરવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ બંધારણ દિવસ નિમિત્તે દેશની શૈક્ષણિક સંસ્થાઓમાં નિબંધ સ્પર્ધાઓ, વ્યાખ્યાનો, સેમીનારો, વિઝ, પોસ્ટર સ્પર્ધાઓ, રંગોળી સ્પર્ધાઓ વગેરેનું આયોજન કરવાનું યુજીસી દ્વારા કહેવામાં આવ્યું છે, તેને અનુલક્ષીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ભારતીય વિચાર મંચ ગુજરાત પ્રાંત અને અનુસ્નાતક સંસ્કૃત ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે એક રાષ્ટ્રીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે. બંધારણ સ્વીકાર દિવસ એટલે કે સંવિધાન દિવસ નિમિત્તે યુનિવર્સિટી કેમ્પસ પરના આર્ટ ગેલેરી સભાખંડમાં આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આખા દિવસ દરમિયાન યોજનાર રાષ્ટ્રીય સેમીનારનો વિષય છે. ''ભારતીય સંવિધાન અમૃતપર્વ પર પ્રબુદ્ધજનોની ભૂમિકા'' આ વિષય પર દિલ્હીથી અને જુદા જુદા પ્રદેશોમાંથી વિદ્વાનો આવનાર છે. આ રાષ્ટ્રીય સેમીનારમાં મુખ્ય વક્તા તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સહ સરકાર્યવાહ ડૉ. કૃષ્ણ ગોપાલજી બીજરૂપ વ્યાખ્યાન આપશે.

આ ઉપરાંત વડોદરાથી પધારનાર ભારતીય વિચાર મંચના ગુજરાત પ્રાંતના કાર્ય કાર્યકારી અધ્યક્ષ શ્રીઅવધૂત સુમંત વ્યાખ્યાન આપશે. ભારતીય વિચારમંચના અખિલ ભારતીય સહસંયોજક શ્રી શ્રીકાંત જી કાટદરે ઉપસ્થિત રહેવાના છે. રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિવિધ કોલેજના પ્રિન્સિપાલશ્રીઓ, ડીનશ્રીઓ, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સદસ્યો, એકેડમી કાઉન્સિલના સદસ્યો ઉપસ્થિત રહેવાના છે. કર્ણાવતીથી ભારતીય વિચાર મંચના મહામંત્રી શ્રીઈશાન જોશી, મંત્રીશ્રી મદનલાલ નાહટા તથા રાજકોટ ખાતેથી સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક શ્રીમાનનીય મુકેશભાઈ મલકાણ ખાસ ઉપસ્થિત રહેવાના છે, તેમની સાથે ડૉ. નરેન્દ્રભાઈ દવે, કિશોરભાઈ મુંગલપરા, સૌરાષ્ટ્ર પ્રાંત પ્રચારક શ્રીમહેશભાઈ જીવાણી, પશ્ચિમ ક્ષેત્ર સંઘચાલકશ્રી માનનીય ડૉ.જયંતીભાઈ ભાડેશીયા મહાનુભાવો ઉપસ્થિત રહેવાના છે. આ સેમિનારને સફળ બનાવવામાં આદરણીય કુલપતિશ્રીના માર્ગદર્શનમાં અનુ. સંસ્કૃત ભવનનો સમગ્ર સ્ટાફ, ભારતીય વિચાર મંચ, રાજકોટ કેન્દ્રના કાર્યકર્તાઓ સર્વશ્રી મિતુલભાઈ સુવાગિયા, ડૉ. ભરતભાઈ ખેર, ડૉ. ગોવિંદભાઈ વાગડિયા, વગેરે કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

### તમે મેટ્રોમેનિયલ સાઈટ પર યુવતિના પર્સનલ વિડીયો મંગાવ્યા છે જેલ થશે કહી યુપી પોલીસના નામે લેટર મોકલી રૂપિયા માંગ્યા

# ચેતશો તો બચશોઃ છાત્ર જાગૃકતાને લીધે ડિજીટલ એરેસ્ટ થતાં બચ્યો

## સોશિયલ મીડિયા પર સસ્તા ભાવે વસ્તુઓ વેચવાની પોસ્ટ મુકીને લોકોને આકર્ષી તેમની પાસે ફોર્મ ભરાવાય છે, આ રીતે ડેટા મેળવીને પછી કરાય છે શિકાર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

લોકોને ડીજીટલ એરેસ્ટ કરીને છેતરી લેવાની ઘટનાઓ સતત વધી રહી છે. સાથે સાથે લોકો થોડા સતર્ક પણ થવા માંડ્યા છે. જો કે આમ છતાં ગઠીયાઓ હજુ પણ વધુ ફાવી રહ્યા છે. એક યુવાનને યુપી પોલીસના નામે લેટર મોકલી તમે મેટ્રો પોલીટન સાઈટ થકી મહિલા સાથે દોસ્તી કરી તેના ફોટો પ્રાઈવેટ ફોટો વિડીયો મંગાવ્યા છે તમારા પર કેસ થયો છે કહી તેની પાસેથી પૈસા પડાવવાનો ખેલ શરૂ થયો હતો. પરંતુ યુવાનને આ ડિજીટલ એરેસ્ટનો કારસો હોવાની ગંધ આવી જતાં તે બચી ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો હાલના દિવસોમાં દેશભરમાં ડિજીટલ એરેસ્ટ કરીને ફ્રોડ આચરવાની ઘટનાઓ વધી ગઈ છે. રાજકોટ સાયબર ક્રાઈમના બે પીઆઈ સાથે પણ આવો પ્રયાસ થયો હતો. દરમિયાન એક વધુ આવા કિસ્સામાં એક યુવાન ચેતી જતાં તે છેતરાતો બચ્યો હતો. વાઘોડિયા રોડ પર રહેતા અને કોલેજમાં એક વિદ્યાર્થીને તાજેતરમાં જ વોટસએપ પર દંડ ભરવા માટે યુપી પોલીસના નામથી બોગસ લેટર મોકલવામાં આવ્યો હતો. આ લેટરમાં વિદ્યાર્થીનો નંબર અને નામ લખેલું હતું અને વિદ્યાર્થીને ધમકી આપવામાં આવી હતી કે, તમે મેટ્રીમોનિયલ સાઈટ થકી મહિલા સાથે દોસ્તી કરીને તેના -ાઈવેટ ફોટો અને વિડિયો મંગાવ્યા છે. સાઈબર ક્રાઈમ અને આઈટીના કાયદા હેઠળ તમારી સામે ગુનો નોંધાશે અને ગુનો સાબિત થશે તો ત્રણ વર્ષની જેલ અથવા એક લાખનો દંડ કે પછી બંનેપ્રકારની સજા થઈ શકે છે.

બોગસ લેટરહેડ પર દંડની ૧૨૬૯૦ રૂપિયાની રકમનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. લેટર પર યુપી પોલીસ અને ભારત સરકારનું રાજચિન્હ પણ હતું. વોટસએપ પર આ લેટર મોકલનાર વ્યક્તિએ વિદ્યાર્થીને ફોન પર ધમકાવીને પૈસાની ઉઘરાણી શરૂ કરી હતી. વિદ્યાર્થીના માતા પિતાના ધ્યાનમાં જોકે તરત આ વાત આવી ગઈ હતી અને તેમણે આ નંબર બ્લોક કરી દીધો હતો. નહીંતર ઠગ ટોળકી બેન્ક એકાઉન્ટની ડિટેલ લઈને હજારો રૂપિયાનો ચૂનો લગાવી દીધો હોત. આ કિસ્સાએ દર્શાવ્યું છે કે પોલીસ કરતા પણ સાઈબર ગઠીયાઓ એક ડગલું આગળ ચાલી રહ્યા છે. પૈસા પડાવવા માટે અલગ અલગ રસ્તા અપનાવતા માફિયાઓને લઈને પોલીસ લોકોને સાવચેત કરે છે તો તેઓ લોકોને ઠગવા માટે નવો રસ્તો શોધી નાંખે છે. લોકોના નામ અને નંબરો સાઈબર માફિયાઓ સુધી કેવી રીતે પહોંચે છે?

એ પણ ઉલ્લેખનીય છે કે લોકોનો ડેટા સાઈબર ક્રાઈમ માફિયાઓ સુધી આસાનીથી પહોંચી જાય છે અને આ માફિયાઓ લોકોનો તેમના નામ સાથે જ સંપર્ક કરતા હોવાથી લોકો વધારે ગભરાઈ જાય છે. સાઈબર ક્રાઈમ એક્સપર્ટ મયુર ભુસાવળકરનું કહેવું છે કે સાઈબર ક્રાઈમ કરનારી ટોળકીઓ કોલર આઈડી એપનો ઉપયોગ કરીને તેઓ ડેટા મેળવે છે. સોશિયલ મીડિયા પર સસ્તા ભાવે વસ્તુઓ વેચવાની પોસ્ટ મુકીને લોકોને આકર્ષવામાં આવે છે અને તેમની પાસે ફોર્મ ભરાવાય છે. સોશિયલ મીડિયા પર સ્પોન્સર એડ મુકીને પણ ડેટા એકઠો કરાય છે. ડાર્ક વેબ પર અલગ અલગ કંપનીઓના ગ્રાહકોનો ડેટા વેચાતો હોય છે. જે પણ સાઈબર માફિયાઓ સુધી પહોંચી શકે છે. મોબાઈલ યુઝર્સને એપીકે ફાઈલ મોકલીને તેના માધ્યમથી પણ યુઝરના વોટસએપ કોન્ટેક્ટ નંબરો મેળવી લેવામાં આવે છે. અજાણી એપીકે ફાઇલ કદી પણ ખોલવી નહિ. આ રીતે પણ તમે તમારો ડેટા સાયબર માફીયા સુધી જતો અટકાવી શકો છો અને તેનો શિકાર થતાં પણ બચી શકો છો.




### ડિજીટલ એરેસ્ટ પડાવી લેવાયેલા ડોક્ટરના ૩૨ લાખ પરત અપાવાયાઃ ૪ પકડાયા

બીજી તરફ સાયબર ક્રાઈમ પોલીસે ફ્રોડનો ભોગ બનેલા ડોક્ટરને બત્રીસ લાખ પાછા અપાવ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી રાજ્ય સહિત દેશમાં ડિજિટલ અરેસ્ટ કરી રૂપિયા પડાવી લેવાના બનાવોમાં વધારો થયો છે. વડોદરા શહેરના એક નામાંકિત ડોક્ટરને મુંબઈ સાયબર ક્રાઈમના નામે ડિજિટલ અરેસ્ટ કરી ૩૨ લાખ જેવી માતબર રકમ પડાવી લેનારી ટોળકીના ચાર સાગરીતને વડોદરા સાયબર ક્રાઈમે દબોચી લીધા છે. મહત્ત્વની વાત એ છે કે વડોદરા પોલીસે ભોગ બનનારા તબીબને ૩૨ લાખ રૂપિયાની રકમ પણ પરત અપાવી છે. તબીબને ડિજિટલ અરેસ્ટ કરી રકમ જે ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી એ ખાતા સામે ૧૩૦ જેટલી ફરિયાદો થઈ હોવાનું સામે આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી લોકો ડિજિટલ અરેસ્ટનો ભોગ બની રહ્યા છે ત્યારે એનાથી લોકોને બચવા માટે વડોદરા પોલીસ કમિશનરે કેટલીક મહત્ત્વની ટિપ્સ આપી હતી. શહેરમાં રહેતા તબીબને થોડા સમય પહેલાં કુરિયરમાંથી એક ફોન આવ્યો હતો, જેમાં સામેવાળી વ્યક્તિએ કહ્યું હતું કે તમારા નામનું એક કુરિયર બેંગકોક જઈ રહ્યું છે, જેમાં ગેરકાનૂની વસ્તુ છે. આ બાબતે અમે મુંબઈ ક્રાઈમ બ્રાંચને જાણ કરી રહ્યા છીએ. એની ગણતરીની મિનિટોમાં જ મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામ પર ફરિયાદી પર બીજો ફોન આવ્યો હતો.

મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે આરોપીઓએ ફોન કરી ફરિયાદીનું વીડિયો નિવેદન લેવા કહ્યું હતું. એના માટે ફરિયાદીને પોતાના મોબાઈલમાં સ્કાઈપી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી. મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી બોલી રહેલા લોકોએ ફરિયાદીનું વર્ચ્યુઅલી નિવેદન લેવાનું શરૂ કર્યું હતું. ફરિયાદીને વિશ્વાસ બેસે એ માટે સામા પક્ષેથી મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામના લેટર અને ફરિયાદીની અંગત માહિતી પણ મોકલવામાં આવી હતી. ત્યાર બાદ અલગ અલગ રીતે ડરાવીધમકાવી ફરિયાદી પાસેથી અલગ અલગ બે બેંક ખાતાંમાં કુલ રૂપિયા ૩૨,૫૦,૦૦૦ ઓનલાઈન માધ્યમથી ટ્રાન્સફર કરાવ્યા હતા. ડિજિટલ અરેસ્ટ મામલે વડોદરા સાયબર ક્રાઈમ ઈબનુસિયાદ પી. અબ્દુલ સલીમ (ઉં.વ. ૩૦, ધંધો- રિયલ એસ્ટેટ, રહે. નવી મુંબઈ), અસરફ અલ્વી (ઉં.વ.૩૬, ધંધો- રિયલ એસ્ટેટ, રહે. નવી મુંબઈ), (૩) ધીરજલાલ લીંમ્બાભાઈ ચોથાણી (ઉં.વ.૬૩ ધંધો. નિવૃત્ત, રહેવાસીં નિકોલ અમદાવાદ), પ્રિન્સ મહેન્દ્રભાઈ રવીપરા (ઉં.વ.૨૦ ધંધો. રહેવાસીં કામરેજ સુરત)ની ધરપકડ કરી છે.

## MARKET TODAY

# આજના કંપની વિશેના નવીનતમ સમાચાર




૧ રાઈટ્સ લિ.ને નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે પાસેથી રૂ.૫૩૧.૭૭ કરોડનો ઓર્ડર મળ્યો છે.

૨ પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેક્નોલોજીસ લિ.એ જણાવ્યું હતું કે કંપનીએ નવી મુંબઈ, મહારાષ્ટ્રમાં તેની અદ્યતન, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઓપ્ટિકલ સિસ્ટમ્સ ટેસ્ટિંગ સુવિધા શરૂ કરી છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મુંજાલ શાહની હાજરીમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) ના ચેરમેન શ્રી એસ સોમનાથ દ્વારા સુવિધાનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

૩ રેલ વિકાસ નિગમ લિ. એ જણાવ્યું હતું કે આરવીએનએલ-એસસીપીએલના જોઈન્ટ વેન્ચરને ઈસ્ટર્ન રેલવે પાસેથી રૂ.૮૩૭ કરોડનો કોન્ટ્રેક્ટ મળ્યો છે. આ જોઈન્ટ વેન્ચરમાં આરવીએનએલનો હિસ્સો ૭૪ ટકા છે.

૪ એલટીઆઈમાઈન્ડટ્રી લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ૨૨ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાઉદી અરેબિયામાં ''એલટીઆઈએ આર્મકો ડિજિટલ સોલ્યુશન્સ'' નામે જોઈન્ટ વેન્ચર કંપનીની સ્થાપના કરી છે.

૫ ટિપ્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.એ જણાવ્યું છે કે કંપનીએ ટિકટોક પર તેની મ્યુઝિક લાઈબ્રેરીને પ્રમોટ કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારી કરી છે.

૬ સિમેન્સ લિ.ની બોર્ડ મીટિંગ ૨૬ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ મળશે જેમાં ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા નાણાકીય વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા અને ડિવિડંડની ભલામણ કરવામાં આવશે.

૭ એનબીસીસી (ઈન્ડિયા) લિ.ને તાજેતરમાં રાજસ્થાન સ્ટેટ ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન લિ. પાસેથી આશરે રૂ.૨૦૨ કરોડનો ઓર્ડર મળ્યો છે.

૮ ભારત ગ્લોબલ ડેવલપર્સ લિ.ની દુબઈ ખાતેની સંપૂર્ણ માલિકીની સબસિડિયરી કંપનીને રૂ.૨૫૧ કરોડના ઓર્ડર્સ પ્રાપ્ત થયા છે.

૯ બીઈએમએલ લિ.એ જણાવ્યું છે કે કંપનીને સેન્ટ્રલ કોલફિલ્ડ લિ. પાસેથી ૪૮ બીએચ ૬૦એમ રીઅર ડમ્પ ટ્રક માટે રૂ.૨૪૬.૭૮ કરોડનો ઓર્ડર મળ્યો છે.

૧૦ મિષ્ટાન ફૂડ્સ લિ.એ જણાવ્યું છે કે કંપની તેના બાસમતી રાઈસ અને સોલ્ટ પ્રોડક્ટ લાઈનને પ્રમોટ કરવા માટે બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ભારતની અભિનેત્રી રશ્મીકા મંધાના સાથે કરાર કર્યા છે.

૧૧ એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.એ જણાવ્યું છે કે કંપનીએ સાઉદી અરેબિયામાં હાલમાં સ્થાપિત નવી કંપની એફકોન્સ કોન્ટ્રાક્ટિં કંપની (સાઉદી અરેબિયા)ની શેર મૂડીમાં સબ્સ્ક્રિપ્શન કર્યું છે.

**IPO UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | SHARES | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|---|
| ENVIRO INFRA ENGINEERS LIMITED | 22/11 | 26/11 | CURRENT Retail (Min) | 140 - 148 | 1 | 101 | 14,948 |
| | | | Retail (Max) | | 13 | 1313 | 1,94,324 |
| | | | S-HNI (Min) | | 14 | 1414 | 2,09,272 |
| | | | B-HNI (Min) | | 67 | 6767 | 10,01,516 |

**SME UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| LAMOSAIC INDIA LIMITED | 21/11 | 26/11 | CURRENT | 200 | 600 | 1,20,000 |
| C2C ADVANCED SYSTEMS LIMITED | 22/11 | 26/11 | CURRENT | 214 - 226 | 600 | 1,35,600 |
| RAJESH POWER SERVICES LIMITED | 25/11 | 27/11 | CURRENT | 320 - 335 | 400 | 1,34,000 |
| RAJPUTANA BIODIESEL LIMITED | 26/11 | 28/11 | CURRENT | 125 - 130 | 1000 | 1,30,000 |
| APEX ECOTECH LIMITED | 27/11 | 29/11 | UPCOMING | 71 - 73 | 1600 | 1,16,800 |
| ABHA POWER AND STEEL LIMITED | 27/11 | 29/11 | UPCOMING | 75 | 1600 | 1,20,000 |
| AGARWAL TOUGHENED GLASS INDIA LIMITED | 28/11 | 2/12 | UPCOMING | 105 - 108 | 1200 | 1,29,600 |
| GANESH INFRAWORLD LIMITED | 29/11 | 3/12 | UPCOMING | 78 - 83 | 1600 | 1,32,800 |

**DISCLAIMER :** અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી

### ફ્રોડની દુનિયામાં ગઠીયાઓ પોલીસ કરતાં એક બે નહિ અનેક ડગલા આગળ: લોકોની બેદરકારી પણ જવાબદાર

# લાલચનું ગાજર લેવા જતાં ડોક્ટર અને યુવાન લાખોમાં છેતરાયા

## શેર બજારમાં નફાની લાલચમાં લપેટી નિવૃત તબીબને અડધા કરોડનો ચૂનો લગાડાયો: યુવાને ટાસ્ક પુરા કરી કમાણી કરવાની લ્હાયમાં બે લાખ ગુમાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

એક વાત તો ખુદ પોલીસ પણ સ્વીકારે છે કે સાયબર ગઠીયાઓ પોલીસ કરતાં એક બે નહિ અનેક ડગલા આગળ છે. પોલીસ અને સાયબર ક્રાઈમની ટીમો ગમે એટલા પ્રયાસ કરે છતાં ગઠીયાઓ પોતાનો શિકાર શોધી લેવામાં સફળ થઇ જાય છે. જો કે લોકોની બેદરકારી પણ આ પાછળ જવાબદાર હોવાનું કહી શકાય છે. વધુ બે સાયબર ફ્રોડમાં એક ડોક્ટરે અડધો કરોડથી વધુ અને એક યુવાને બે લાખ ગુમાવ્યા છે. ડોક્ટરને શેર બજારમાં કમાણીની લાલચ આપી છપ્પન લાખ પચાસ હજાર પડાવી લેવાયા છે. તો બીજી તરફ એક યુવાનને ટાસ્ક પુરા કરવાના નામે છેતરીને બે લાખનો ચૂનો લગાડી દેવાયો છે.

વિગતો પર નજર કરીએ તો શેર બજારમાં વધારે નફાની લાલચ આપીને સાઈબર ગઠિયાઓએ નિવૃત્ત ઓર્થોપેડિક ડોકટર પાસેથી રૂ.૫૬.૫૦ લાખ પડાવી લીધા હતા. આ અંગે જાણ થતા ડોક્ટરે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. અમદાવાદ લો ગાર્ડન વિસ્તારમાં રહેતા ડૉ. જીગુલ બેંકર ઓર્થોપેડિક ડોક્ટર તરીકે સેવા આપતા હતા અને હાલમાં નિવૃત્ત છે. માર્ચ ૨૦૨૪ માં તેમના વોટ્સએપ પર એક મેસેજ આવ્યો જેમાં સામે એક યુવતી હતી, તેણે પોતાની ઓળખાણ જોન હેસમેનના આસિસ્ટન્ટ નેહા શર્મા તરીકે આપીને વાત કરી હતી. તેઓ ફ્રીમાં શેર માર્કેટની ટિપ્સ આપતા હોવાનું કહીને જીગુલ બેંકને એક વોટસએપ ગ્રૂપમાં એડ કર્યા હતા. ગ્રૂપમાં આવેલી લિંક ઓપન કરતાની સાથે જ શેર માર્કેટને લગતા વીડિયો શરૂ થઈ જતા હતા.

ત્યારબાદ આ ટોળકીએ ડોક્ટર પાસે રૂ.૨ લાખનું રોકાણ કરાવ્યું હતું, એ પછી અન્ય એક લિંક મોકલીને તેમાં રજિસ્ટ્રેશન કરાવીને યુઝરઆઈડી - પાસવર્ડ જનરેટ કરી આપ્યો હતો. તેમાં જ શેર ખરીદતા હતા અને સ્ક્રીનશોટ ગ્રૂપમાં શેર કરતા હતા. ત્યારબાદ જુદી જુદી અન્ય ૩



એપ ઈન્સ્ટોલ કરાવી તેમાં કુલ રૂ.૫૬.૫૦ લાખનું રોકાણ કરાવ્યુ હતુ. જેમાં તેઓ રોકાણની સામે લોન પણ અપાવતા હતા. એપમાં પ્રોફિટ સાથે મોટી રકમ દેખાતી હતી. જેથી ડોક્ટરે પૈસા વિડ્રો કરવા માટે પ્રોસેસ કરી હતી. પરંતુ વિડ્રો થઈ શકયા ન હતા. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની જાણ થતા આ અંગે જીગુલ બેંકરે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ મેઘાણીનગરના યુવકને ટેલિગ્રામમાં મેસેજ કરીને ટાસ્ક પૂરાં કરવાથી પૈસા મળશે તેમ જણાવીને અલગ અલગ ટાસ્ક પૂરા કરાવીને સારો નફો બતાવ્યો હતો. જે બાદ નફો એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાના નામે તબક્કાવાર રૂ.૧.૯૪ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે યુવકને પોતાની સાથે ઓનલાઈન ફ્રોડ થયો હોવાની જાણ થતા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મેઘાણીનગરમાં અઠ્ઠાવીસ વર્ષીય રાકેશ પ્રકાશભાઇ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે અને ટાઇલ્સ ફિટિંગનું કામ કરે છે. ૧ ઓક્ટોબરના રોજ રાકેશ ઘરે હતો ત્યારે મોબાઇલ ફોનમાં ટેલિગ્રામ એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી. તેમાં શેર માર્કેટ અને દૈનિક સમાચાર તે જોતો હતો. આ દરમિયાનન ટેલિગ્રામ એપ્લિકેશનમાં સ્વાતિ નામની યુવતીએ મેસેજ કર્યો હતો અને કાર ૨૪ કે બારેમે જાનતે હો. તેવો -' કર્યો હતો. જેથી રાકેશે થોડું જાણું છું તેવો જવાબ આપ્યો હો.

ત્યારબાદ રેટિંગ કરાવો તેમ કહી એક લિંક મોકલી હતી. પછી રાકેશે એપ ખોલતા ટાસ્ક પૂરા કરવાનો મેસેજ આવ્યો હતો અને તેણે ૨૫ ટાસ્ક પૂરા કર્યા હતા. જેથી ટાસ્ક પૂરાં કર્યાનું ૧ હજાર બેલેન્સ બતાવ્યું હતું. આ બેલેન્સ કેવી રીતે લઇ શકાય તે અંગે પૂચ્છા કરી હતી. જેમાં સામેવાળાએ દશ હજારનું રિચાર્જ કરી ટાસ્ક પૂરો કરવાથી સારું કમિશન મળશે. પછી પૈસા પરત લેવા માટે જુદી જુદી લિંક મોકલી તબક્કાવાર ૧.૯૪ લાખ રૂપિયા મેળવી લીધા હતા તેમ છતાં ટાસ્ક પૂરા કરવાના પૈસા કે ભરેલા પૈસા પરત મળ્યા ન હતા. જેથી પોતાની સાથે ઓનલાઈન ફ્રોડ થયો હોવાનું પ્રકાશભાઈને જાણવા મળતા તેમણે મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવી હતી. આમ વધુ બે લોકોને લલચાવીને ગઠીયાઓએ પોતાનું કામ પાર પાડી લીધુ હતું.

### માણસનું મૃત્યુ નિશ્ચીત હોય પણ ક્યારે ક્યાં અને કેવી રીતે પરલોકના તેડા આવે એ કહી ન શકાય

# જિંદગી તો બેવફા હૈ: એક જ રાતમાં સાત જિંદગી ખતમ

## સિવિલ હોસ્પિટલમાં એક પછી એક સતત મૃત્યુ નોંધ થતી રહી: એક મહિલાનું હૃદય બંધ પડી જતાં અને બાકીના બનાવમાં બેભાન હાલતમાં મૃત્યુ થયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૫**

માણસનું મૃત્યુ નિશ્ચીત હોય છે. પરંતુ તેને પરલોકમાંથી તેડુ ક્યારે, ક્યાં અને કેવી રીતે આવી જાય તેની ખબર પડતી નથી. શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં એક જ રાતમાં ધડાધડ સાત અપમૃત્યુની નોંધ થઇ હતી. તમામ ઘટનાઓમાં સ્વજનો ગુમાવનારા પરિવારોમાં ગમગીની છવાઇ ગઇ હતી. એક મહિલાનું હાર્ટએટેક આવી જતાં મૃત્યુ થયું હતું અને અન્ય છ લોકોના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં.

વિગતો પર નજર કરીએ તો સિવિલ હોસ્પિટલમાં કાળચક્ર ફરી વળ્યું હતું. એક મહિલાનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. જ્યારે એક યુવાન, મહિલા, વૃધ્ધા, વૃધ્ધ, પ્રૌઢ સહિત છના બેભાન હાલતમાં મૃત્યુ થયા હતાં. કોઠારીયા રોડ મેહુલનગર-૫માં રહેતાં ઓગણચાલીસ વર્ષના બીનાબેન પારસભાઇ ઠાકર રાતે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેમને સંતાનમાં બે પુત્ર છે. પતિ પ્રાઇવેટ નોકરી કરે છે. હાર્ટએટેક આવી ગયાનું પરિવારજનોએ કહ્યું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને હાર્ટએટેક આવી ગયાનું તેમના પરિવારજનોએ જણાવ્યું હતું. બીજા બનાવમાં દોઢસો ફુટ રીંગ રોડ એસટી વર્કશોપ પાછળ આંબેડકરનગર-૧૪માં રહેતાં ચાલીસ વર્ષના સુરેશભાઇ બટુકભાઇ ગમારા નામના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત જાહેર થતાં સ્વજનો શોકમાં ડુબી ગયા હતાં. તેને કેન્સરની બિમારી હતી.

ત્રીજા બનાવમાં મોરબી રોડ જુના ગણેશનગર-



૩/૫ના ખુણે રહેતાં પુષ્પાબેન અશોકભાઇ બકરાણીયા (ઉ.વ.૫૨)ને કેન્સરની બિમારી હોઇ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. મૃતકને એક પુત્ર અને એક પુત્રી છે. પતિ સાઇકલ રિપેરીંગનું કામ કરે છે.

જયારે ચોથા બનાવમાં આજી વસાહત ખોડિયારપરા શેરી નં. ૧૧માં રહેતાં બાંસઠ વર્ષના સુંદરલાલ રામુલાલ અહિરવાલ ઘરે સુતા બાદ ન જાગતાં બેભાન હાલતમાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેને સંતાનમાં પાંચ પુત્ર અને ચાર પુત્રી છે. પાંચમા બનાવમાં યુનિવર્સિટી રોડ ભગતસિંહજી ગાર્ડન નજીક આવાસમાં રહેતાં પચાસ વર્ષના દિનેશભાઇ મનસુખભાઇ ગોહેલ યુનિવર્સિટી રોડ નકલંક હોટલ પાસે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે પાંચ ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. તે હોટલમાં મજૂરી કરતાં હતાં.

આ ઉપરાંત છઠ્ઠા બનાવમાં ગાંધીગ્રામ ૧૫૦ રીંગ રોડ સદ્દભાવના હોસ્પિટલ પાસેથી અજાણ્યો આશરે છેતાલીસ વર્ષના પુરૂષ બેભાન મળતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. મૃતક રખડતું જીવન જીવતો હતો અને મનોજભાઇ તરીકે ઓળખાતો હતો. યુનિવર્સિટી પોલીસે વાલીવારસની શોધખોળ હાથ ધરી છે. સાતમા બનાવમાં ગોંડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહતાં ઓગણસાઇઠ વર્ષના ગીરધરલાલ છગનલાલ પીલોજપરા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થતાં માલવીયાનગર પોલીસને જાણ કરાઇ હતી. તમામ બનાવોમાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, જયેન્દ્રસિંહ જાડેજા, ભાવેશભાઇ, તૌફિકભાઇ, ધર્મેન્દ્રભાઇએ જે તે પોલીસ સ્ટેશનમાં આકસ્મીક મૃત્યુની નોંધ કરાવી હતી. આમ સાત લોકોએ સ્વજનો ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વાવ પણ..

## ગુજરાતમાં નકારાત્મક અને નિષ્ક્રિય વિપક્ષને મતદારોનો જાકારો



મહારાષ્ટ્ર-ઝારખંડની ધારાસભાની ચૂંટણી સાથે અન્ય રાજ્યોમાં પેટા ચૂંટણીઓ યોજાઈ હતી. બિહારમાં પણ ચાર બેઠકો પર ચૂંટણી થઇ હતી. આ ચૂંટણીમાં પ્રશાંત કિશોરનો પક્ષ જન સુરાગ પાર્ટી પણ મેદાનમાં હતી. પ્રશાંત કિશોર ચૂંટણી રણનીતિથી માંડીને બ્રાન્ડીંગના પ્રોફેશનલ બાદશાહ ગણાય છે. ખુદે પક્ષ સ્થાપીને બિહારની ચારેય બેઠક પર ઝંપલાવ્યુ હતું અને તમામ પર વિજય મેળવવાનો દાવો કર્યો હતો.

પરિણામોમાં પ્રશાંતના ઉમેદવારોને ડીપોઝીટ બચાવવાના પણ ફાંફા પડી ગયા હતા. રાજનીતિમાં પડદા ઉપર અને પડદા પાછળ કામ કરી દેખાડવામાં તફાવત છે, જેનો અનુભવ પ્રશાંતને થઇ ગયો. બ્રાન્ડીંગના બાદશાહ પ્રશાંત કિશોર પોતાની બ્રાન્ડની આબરૂ બચાવી ન શક્યા.

બિહાર સાથે ગુજરાતમાં પણ વાવ બેઠક પર પેટા ચૂંટણી થઇ હતી. આ બેઠક પર પરંપરાથી કોંગ્રેસનો પ્રભાવ હતો. ગુજરાત કોંગ્રેસ પાસે પોતાની બ્રાન્ડ મજબૂત બનાવવાની તક હતી. પરંતુ ખુદની બેઠક પણ ગૂમાવી દીધી છે. ગુજરાત કોંગ્રેસ પાસે ગુમાવવા જેવું ખૂબ ઓછું છે હવે વાવ બેઠક પણ..

ગુજરાતમાં ત્રણ દાયકાથી કોંગ્રેસ સગાથી દૂર છે. ગુજરાતના મુખ્ય વિપક્ષને નિષ્ફળતા ફાવી ગઈ છે. હજુ પણ આ પક્ષ પાસે કોઈ જ રણનીતિ નથી. નકારાત્મક નિવેદનો સિવાય કોંગીજનો કઈ કરી રહ્યા નથી. વિપક્ષનું મુખ્ય કામ લોકોના પ્રશ્ને લડત આપીને પ્રશ્ન ઉકેલવા શાસકને મજબૂર કરીને લોકોનો વિશ્વવાસ જીતવાનું હોય છે.

છેલ્લા 30 વર્ષમાં ગુજરાતમાં કોંગ્રેસે એક પણ મુદ્દે રાજ્યવ્યાપી લડત ચલાવી નથી. આવા પક્ષને મત કેવી રીતે મળે ? ચૂંટણી પરિણામોમાં મુંડાવ્યા બાદ ગરબડીના આક્ષેપો કરે છે. પરંતુ પોતાની મર્યાદા દૂર કરવા કોંગ્રેસ કઈ કરતી નથી.

જો કે કૂવામાં હોય તો અવેળામાં આવે ને ? કોંગ્રેસમાં રાષ્ટ્રીય સ્તરે જ કઈ ચામ નથી. રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ સતત પરાજિત થઇ રહી છે. છતાં કોંગીજનો તેમને સહન કરતા રહે છે. રાહુલ ગુજરાત કોંગ્રેસને કઈ કહી ન શકે, કારણ કે ખુદ કઈ ઉકાળી શકતા નથી તો અન્ય સામે ક્યા મોંએ વાત કરે ?

રાજ્યમાં કે દેશમાં કોંગ્રેસ જીતે કે ન જીતે, તેમાં આપણે કઈ લેવાદેવા ન હોય, સવાલ વિપક્ષનો છે. લોકશાહીની તંદુરસ્તી માટે વિપક્ષ મજબૂત અને સક્રિય હોવો જોઈએ. કોંગ્રેસમાં આ અંગે જરા પણ ગંભીરતા દેખાતી નથી. વિપક્ષની ભૂમિકા સામાન્ય હોતી નથી. પશ્ચિમ બંગાળમાં ભાજપ વિપક્ષપદે મરણીયો બનીને સક્રિય રહે છે. ગુજરાતમાં કોંગીજનો ત્રણ દાયકામાં ક્યારેય મરણીયા બન્યા નથી.

કઇ જ પરાક્રમ કર્યા વગર લોકો કોંગ્રેસને મત આપે તેવી અપેક્ષા કોંગીજનો રાખે છે. આવું કરનાર નેતા ન ગણાય. આ માટે શ્રેષ્ઠ શબ્દ શેખચલ્લી છે.

!! પ્રેમભક્તિના હસ્તાક્ષરે !!



ખાઈ માં પડેલો માણસ,
બહાર નીકળી શકે છે,
પરંતુ "અદેખાઈ "માં
પડેલો માણસ,
ક્યારેય બહાર નીકળી
શકતો નથી.

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# બાંગ્લાદેશમાં ઈસ્કોનના ચિન્મય કૃષ્ણદાસની ધરપકડ

## હિંદુઓ પર થતા અત્યાચારનો વિરોધ કરવા બદલ પોલીસે રાજદ્રોહના કેસમાં કરી ધરપકડ

નવીદિલ્હી, તા. ૨૫

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારનો વિરોધ કરવા બદલ ઈસ્કોનના ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુની ધરપકડ કરવામાં આવી છે. બાંગ્લાદેશી મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુની ઢાકા એરપોર્ટ પર અટકાયત કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ પોલીસે રાજદ્રોહના કેસમાં તેની ધરપકડ કરી છે. ઈસ્કોનના ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુએ ૨૨ નવેમ્બરે બાંગ્લાદેશના રંગપુરમાં હિન્દુઓના સમર્થનમાં રેલી યોજી હતી. માનવામાં આવે છે કે તેના કારણે ચિન્મય કૃષ્ણ પ્રભુ વિરુદ્ધ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ રેલીમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલાનો વિરોધ કરવામાં આવ્યો હતો.

બાંગ્લાદેશની મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓને સતત હેરાન કરી રહી છે. BNPના સમર્થન સાથે કટ્ટરપંથી જમાત-એ-ઈસ્લામી ખુલ્લેઆમ ઈસ્કોન અને ઈસ્કોનના ભક્તોને મારી નાખવાની ધમકી આપી રહી છે. તેની સામે બાંગ્લાદેશ ઈસ્કોનના ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુએ સરકાર પર બાંગ્લાદેશી હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારને લઈને હિન્દુઓમાં ભાગલા પાડવાનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવ્યો હતો.

બાંગ્લાદેશના મેહેરપુરમાં આવેલા ઈસ્કોન મંદિર પર થયેલા હુમલા અંગે ચિન્મય પ્રભુએ હિંદુ મંદિરોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે ચિત્તાગોંગમાં ત્રણ મંદિરો જોખમમાં છે પરંતુ હિંદુ સમુદાયના કેટલાક લોકો સાથે મુસ્લિમ સમુદાયના કેટલાક લોકો પણ આ હુમલામાં સામેલ નથી. છતાં મંદિરો પર હુમલો કર્યો. તેમણે એમ પણ કહ્યું હતું કે ઘણા હિંદુઓ અને લઘુમતીઓ અસુરક્ષિત અનુભવી રહ્યા છે અને પશ્ચિમ બંગાળ અને ત્રિપુરા થઈને ભારત જઈ રહ્યા છે, આ વર્ષે ઓક્ટોબર મહિનામાં બાંગ્લાદેશ સરકાર દ્વારા ચિન્મય કૃષ્ણ દાસ પ્રભુ પર દેશદ્રોહનો આરોપ લગાવવામાં આવ્યો હતો. હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા અન્ય ઘણા લોકો સામે પણ કેસ નોંધવામાં આવ્યા હતા. ખાસ વાત એ છે કે ચિન્મય પ્રભુ સિવાય બાંગ્લાદેશમાં અન્ય ૧૯ હિન્દુ સંગઠનોના નેતાઓ અને કાર્યકર્તાઓ પર પણ ઘણા કેસ નોંધાયેલા છે.

## મારી જેની સાથે સગાઇ થઇ છે તેની સાથે તમારા છોકરાને લફરૂ છે, સમાજવી દેજો કહી પહેલા યુવકના પિતાને ધમકી દેવાઇ, પછી હુમલો કરાયો

# લવલફરાનો લોહીયાળ અંત યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

## હત્યાની અન્ય ઘટનામાં હિસ્ટ્રીશીટરની હોમગાર્ડના મિત્રના હાથે બદલો લેવા હત્યાઃ ત્રીજા બનાવમાં ચોરી કરવા સાથે ગયા, ડખ્ખો થયો અને એકની હત્યા થઇ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૨૫

રાજ્યભરમાં હત્યાની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. કોઇને કોઇ ગામ કે શહેરમાં અલગ અલગ કે નાના મોટા કારણોસર હત્યા કરી નાખવામાં આવે છે. પ્રેમપ્રકરણના કારણે વધુ એક હત્યા થઇ છે. તો બીજી તરફ હત્યાની અન્ય...ઘટનાઓ પણ બની છે. હત્યાની અન્ય બે ઘટનામાં એક હિસ્ટ્રીશીટરને બદલો લેવાના ઈરાદે પતાવી દેવાયો હતો. ત્રીજા બનાવમાં ચોરી કરવા સાથે ગયેલા શખ્સો વચ્ચે માથાકુટ થયા બાદ એકની હત્યા કરી નાખવામાં આવી હતી.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવમાં પ્રેમ પ્રકરણ મોતનું કારણ બન્યું છે. બોટાદના ઢાંકણીયા રોડ તુલસીનગર ખાતે રહેતા યુવાનને યુવતી સાથે પ્રમ સંબંધ હોવાનો કરૂણ અંજામ આવ્યો છે. યુવતીની સગાઇ થઇ ગઇ હોઇુ તેમ છતાં લવલફરા ચાલુ હોઇ બે શખ્સે આવીને યુવાનને છરીના આડેધડ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી નાસી છૂટયા હતા. આ બનાવની જાણવા મળતી વિગત મુજબ લખતર તાલુકાના દેવળિયા ગામના વતની અને હાલ બોટાદના ઢાંકણીયા રોડ તુલસીનગર એક ખાતર રહેતા જગદીશભાઈ વજુભાઈ મહેરીયા સાંજના ચારેક વાગ્યે તથા પિતા વજુભાઈ તથા જગદીશભાઈ પત્ની જ્યોતિબેન તથા નાનાભાઈ બીજલભાઈ ઉર્ફે હિતેશના પત્ની જયશ્રીબેન ઘરે હાજર હતા તે દરમ્યાન બે માણસો ઘરે આવેલા અને પિતાને કહેલ કે તમારું નામ વજુભાઈ છે, જેથી પિતાએ કહેલ કે પણ તમારે કોનું કામ છે. અને ક્યાંથી આવ્યા છો?

આ દરમિયાન બે પૈકી એક શખ્સેએ કહેલ કે મારૂ નામ સૈહિત ભરતભાઈ ભોજીયા છે અને આ કાકાનો દિકરો શ્યામ ગોરધનભાઈ ભોજીયા છે. અને અમો બન્ને મોટા ભાડલા ગામના છીએ જેથી પિતા વજુભાઈએ કહેલ કે બોલોને તમારે અમારું શું કામ છે. અને રોહિતે કહેલ કે મારૂ વેવીશાળ યુવતી સાથે થયેલ છે અને અમને જાણવા મળેલ છે કે તમારો દિકરો બીજલ ઉર્ફ હિતેષને મારી મંગેતર સાથે પ્રમ સંબંધ છે. જેથી તમારા દિકરાને સમજાવી દેજો કે યુવતીની સામે પણ જોવે નહી નહીતર મજા નહી આવે તેમ કહી બન્ને જણા ઘરેથી જતા રહ્યા હતા દરમિયાનમાં જગદીશભાઈ અને પત્નિ તથા બાળકોને લઈને તળાવે બગીચામાં ફરવા ગયા હતા. ત્યાંથી ઘર




તરફ આવતા હતા ત્યારે ઘર પાસેના રોડ ઉપર આવતા રોડની દક્ષીણ બાજું આવેલ દશરથભાઈ ભાજુભાઈ ભુવાની દુકાન બાજુમાં આવેલ શેરીમાં બિજલભાઈ ઉર્ફે હિતેશભાઈ સાથે રોહિત તથા શ્યામ ઝપાઝપી કરતા જોવ મળ્યા હતાં.

જેથી જગદીશભાઈ દીડીને ત્યાં ગયા હતા. રોહિતે બિજલભાઈ ઉર્ફે હિતેશભાઈને જમણી બાજુની છાતીના ભાગે તથા પડખામાં છરીના ઘા ઝીંકી દીધા હતા.તથા શ્યામાએ ગળાની જમણી બાજુ તથા જમણા ગાલ ઉપર આડેધડ ઘા ઝીંકી દેતા જગદીશભાઈ દેકારો કરતા કરતા ભાઈને બચાવવા શેરી તરફ દોડયા હતા પરંતુ બીજલભાઇ ઉર્ફે હિતેશભાઈ લોહીલુહાણ હાલતે ત્યાં જ ઢળી પડયા હતા દરમિયાનમાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં બીજલભાઇ ઉર્ફે હિતેશભાઈ ને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન બીજલભાઇ ઉર્ફે હિતેશભાઈનું મોત નીપજ્યું હતું. પોલીસે આરોપીઓને ઝડપી લેવા કવાયત આદરી હતી.

હત્યાની અન્ય એક ઘટના સુરતના કાપોદ્રામાં બની છે. જેમાં માથાભારે યુવકની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરાઇ છે. મહિના પૂર્વે માથાભારે યુવકે હોમગાર્ડ પર ચપ્પુથી હુમલો કર્યો હતો. જેની અદાવતમાં હોમગાર્ડના મિત્રે તેની હત્યા કરી હતી. કાપોદ્રા પોલીસે ગુનો નોંધ્યો છે. હત્યારા હર્ષિત કનાડીયાને પણ હાથમાં ઈજા થતાં હોસ્પિટલમાં દાખલ કરાયો છે. જો કે આ હત્યામાં હોમગાર્ડ સામેલ ન હોવાનું પોલીસે જણાવ્યું છે. કાપોદ્રા વિસ્તારમાં વડવાળા સર્કલ પાસેથી રૂષી પંડિત પસાર થતો હતો. તે સમયે હોમગાર્ડનો મિત્ર હર્ષિત કનાડીયા પણ ત્યાંથી જતો હતો. બન્ને વચ્ચે જુની અદાવતમાં બોલાચાલી થઈ જેમાં બન્ને સામ-સામે આવી ગયા હતા. હત્યારા હર્ષિતે ચપ્પુ કાઢીને રૂષી પંડિતને ખભાના પાછળના ભાગે ઘા માર્યા હતા. જેના કારણે વધુ પડતું લોહી વહી જતા તેનું સારવાર મળે તે પહેલા મોત થયું હતું.

હત્યાનો ભોગ બનનાર રૂષી પંડિત મૂળ યુપીનો રહેવાસી હતો અને તેનો પરિવાર વતનમાં રહે છે. મૃતક રૂષી પહેલા કાપોદ્રામાં રહેતો હતો અને હાલમાં સરથાણામાં રહે છે. અગાઉ મૃતક સામે પોલીસમાં મારામારી ખંડણી સહિતના ૮ ગુનાઓ નોંધાયેલા છે. વધુમાં પોલીસે જણાવ્યું કે મૃતક રૂષી, હોમગાર્ડ અને હત્યારો હર્ષિત ત્રણેય મિત્રો હતા.

ત્રીજા બનાવમાં વલથાણ તરફ આવતા નહેરવાળા રસ્તા પર ખેતરમાં ઓગણીસ વર્ષીય અમરોલી સુરતનાં દેવીપુજક યુવકની તીક્ષણ ઘા મારી હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. મૃતકના ભાઈની ફરિયાદના આધારે કામરેજ પોલીસે ચાર શકમંદો સામે ગુનો નોંધતા ચકચાર મચી ગઇ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ પોલીસની હદમાં અને સુરતથી વલથાણ તરફ આવતા નહેરવાળા રોડની બાજુમાં કેતનસિંહ ગોહિલનાં ખેતરમાં રાહુલ ઉગરેજીયા રહે અમરોલી, સુરત શહેર, મુળ રહે બોરાણા ગામ તા.લીમડીની હત્યા કરાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. જે અંગે મૃતકના ભાઈ આકાશ ઉગરેજીયાએ કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ચાર શકમંદ પૈકી રોહિત કિરણ ઉગરેજીયા, રવિ કિરણ ઉગરેજીયા (બંને રહે. કોસાડ આવાસ અમરોલી) તથા કલ્પેશ વાઘેલા (રહે. કોસાડ આવાસ અમરોલી) અને રાહુલ ખાવડીયા (રહે. હાઉસીંગ મુરલીધર એપાર્ટમેન્ટ, સુરત) ચાર ઈસમો એકસાથે વલથાણ નહેર વાળા રોડ પર ચોરી કરવા માટે ગયા હતા.

ત્યાં મૃતક રાહુલ સાથે તમામને અંદરો અંદર કોઇ વાતે ઝઘડો થતા તેઓ તમામે અથવા શકદાર રોહીતનાં જણાવ્યા પ્રમાણ ત્યાં આવેલ અજાણી રીક્ષા તથા મોટર સાઇકલ પર આવેલ અજાણ્યા આરોપીઓએ કોઇ અગમ્ય કારણોસર રાહુલનાં પેટનાં ભાગે તીક્ષણ હથિયારનાં ત્રણેક જેટલા ઘા મારી ગંભીર ઇજા પહોંચાડી જેનું મોત નિપજાવી ભાગી છુટ્યા હોવાનું હાલ કામરેજ પોલીસ મથકે નોંધાતા હાલ પોલીસે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

## ૨૬/૧૧ ૨૦૦૮ ના હુમલામાં શહીદ થયેલાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરોને શત શત વંદન



બાળકોથી લઈને વૃદ્ધો સુધી જે સૌને પ્રિય છે, એવાં શો કરોડપતિનાં આવતાં એપિસોડમાં જુવો એક સ્પેશિયલ ગેસ્ટ! એ ટ્રેલર જોયું અને ૨૬/૧૧ ૨૦૦૮ની એ ગોઝારી ઘટના યાદ આવી ગઈ. જેમાં ૧૦ સશસ્ત્ર સજ્જ આતંકવાદી ઓએ દેશની આર્થિક રાજધાની ગણાતા મુંબઈમાં હુમલો કર્યો, આ હુમલા તાજ હોટેલ, ઓબેરોય હોટેલ, કામા હોસ્પિટલ, સીએસટી સ્ટેશન, સેન્ટ ઝેવિયર્સ કોલેજ, લિયોપોલ્ડ કેફે, મેટ્રો સિનેમા, મુંબઈ છબડ હાઉસ અને આ ઉપરાંત ટાઇમ્સ ઑફ ઈન્ડિયામાં આતંકવાદીઓ નિર્દયતાથી ગોળીઓ વરસાવી. હુમલો લગભગ ૬૦ કલાક ચાલ્યો, જેમાં સુરક્ષાકર્મીઓ અને વિદેશીઓ સહિત ૧૬૬ લોકો માર્યા ગયાં, અને 300થી વધુ લોકો ઘાયલ થયા હતા, જેમાં ૨૬ વિદેશીઓ પણ હતાં. સિરિયલ બ્લાસ્ટ કરનારા આ આતંકવાદી ઓ હોટલ તાજમાં છુપાવામા સફળ થયાં, અને આમ ૧૩ માંથી ૧૦ આતંકવાદી હોટલ તાજમાં છુપાયાં હતાં. ૨૬/૧૧ મુંબઈ ટેરર અટેકને આજે ૧૬ વર્ષ પૂર્ણ થયાં છે. આ આખું ઓપરેશન પાર પાડવામાં જે ખાખી વર્દી એટલે મુંબઈ પોલીસના ઓફિસરો અને બાહોશ પોલીસ જવાનોએ બલિદાન આપ્યું છે એને યાદ કરવાનાં છે, અને એથી પણ વધુ વિશ્વમાંથી આતંકવાદ ખત્મ થાય એ માટે સૌ દેશ એ સત્તાની કે મહા સત્તાની લાલચ માંથી બહાર આવી વૈશ્વિક શાંતિ માટે વિચારવું પડશે, વસુધૈવ કુટુંબની ભારતીય મૂળની પરંપરાને જીવિત કરવી પડશે, અને સૌ સાથે પરિવાર જન જેવો ભાવ રાખવો પડશે.

૨૮ નવેમ્બરની વહેલી સવારે મુંબઈ પોલીસ તથા સુરક્ષા દળો દ્વારા તાજ હોટેલની આજુ બાજુ કડક સુરક્ષા ગોઠવી દેવાઇ હતી. બીજે દિવસે, ૨૯ નવેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ્સ દ્વારા શેષ રહેલા આતંકવાદીઓને ઠાર કરવા ઓપરેશન બ્લેક ટોર્નેડો હાથ ધર્યું. જેના પરીણામ રુપે બધા જ આતંકવાદીઓને મારી નખાયા. હુમલાનો એક માત્ર જીવીત આતંકવાદી, અજમલ કસાબ દ્વારા જાહેર કરવામાં આવ્યુ કે તેઓ પાકિસ્તાનના લશ્કર એ તોયબા સંગઠનના સભ્યો હતા. બાદમાં સુપ્રીમ કોર્ટે અજમલ કસાબને ફાંસીની સજા આપી.

આ આખાં ઓપરેશનમાં ત્રણ પોલીસ કમિશનર અને એક પોલીસ ઇન્સ્પેક્ટર શહીદ થયાં અને બાદમાં તેમને અશોક ચક્ર ની પદવી એનાયત કરવામાં આવી.

હેમંત કરકરે મુંબઈ આતંકવાદ વિરોધી દળના વડા હતા. તેઓએ ૧૯૮૨ થી ૨૦૦૮ સુધી પોતાની ફરજ બજાવી અને ૨૦૦૮ ના મુંબઈ આતંકી હુમલા દરમિયાન છાતીમાં ત્રણ ગોળી વાગતાં શહીદ થયા હતા. તેમને ૨૬ જાન્યુઆરી ૨૦૦૯ ના રોજ અશોક ચક્ર મૃત્યુપર્યંત એનાયત કરાયો હતો.

અશોક કામ્ટે મુંબઈ પોલીસના પૂર્વ વિભાગ અધિક પોલીસ કમિશ્નર હતા. તેઓ ૨૦૦૮ મુંબઈ હુમલા દરમિયાન આતંકવાદીઓ વિરોધી કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેમને વીરતા માટે ભારતનો શાંતિકાળનો સર્વોચ્ચ પુરસ્કાર અશોક ચક્ર એનાયત કરાયો હતો.

તુકારામ ઓમબ્લે પણ ૧૯૯૧ મા મુંબઈ પોલીસમાં મદદનીશ સબ ઇન્સપેક્ટર તરીકે નિયુક્ત હતા. તેઓ ૧૯૫૪ મા ભારતીય ભૂમિ સેના માંથી નિવૃત્ત થયા બાદ પોલીસમાં જોડાયા હતા. તેઓ પણ ૨૦૦૮ મુંબઈ આતંકી હુમલા દરમિયાન ગિરગામ ચોપાટી, મુંબઈ ખાતે આતંકવાદીઓ વિરુદ્ધની કાર્યવાહીમાં શહીદ થયા હતા. તેઓએ હુમલામાં સંડોવણી ધરાવતા આતંકવાદી અજમલ કસાબને જીવિત પકડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. પાછળથી અજમલ કસાબ પર ખટલો ચાલ્યો, અને તેને ફાંસી પર ચડાવાયો હતો. આ સાહસ, નિસ્વાર્થતા અને સર્વોચ્ચ બલિદાન માટે ઓમ્બલેને ભારત સરકારે અશોક ચક્ર વડે મૃત્યુપર્યંત નવાજ્યા હતા.

૨૬/૧૧ ૨૦૦૮ ના આ સિરિયલ બ્લાસ્ટ વિશે સર્ચ કરતી હતી તો ઘણી એવી વાત જાણવા મળી કે જે ખરેખર આપણને સમગ્ર ટાટા ગૃપ માટે પ્રાઉડ ફીલ કરાવે.

સૌ પ્રથમ તો હોટલ તાજ બનવા પાછળનું કારણ, એકવાર જમશેદજી ટાટા બ્રિટન ગયા અને ત્યાં તેમને ભારતીય હોવાને કારણે હોટલમાં રોકાવાની મંજૂરી આપી નહીં! અને ત્યારે એમણે ભારતમાં એક ભવ્ય હોટલ બનાવશે કે જે ફક્ત ભારતીય નહીં પણ દુનિયા માટે આકર્ષણનું કેન્દ્ર બનશે! અને આમ ગેટ વે ઓફ ઈન્ડિયા ના ૧૦ વર્ષ પહેલાં એટલે કે ૧૯૦૩ મા હોટલ તાજ નું નિર્માણ થયું. હોટલ તાજ એ ઈન્ડિયન નેવીને રસ્તો બતાવવા માટે એક ટ્રાયંગલ પોઈન્ટનું કામ કર્યું છે. ફર્સ્ટ વર્લ્ડ વોર દરમિયાન હોટલ તાજને એક હોસ્પિટલમાં બદલવામાં આવી હતી. આ ઉપરાંત આ હોટલ સાથે બીજી પણ ખાસિયત જોડાયેલી છે. જેમાં આખો દિવસ બાર અને આખો દિવસ રેસ્ટોરન્ટ ચલાવવા માટે લાઇસેન્સ મળ્યું હતું. ૧૯૭૨માં દેશમાં પહેલીવાર ૨૪ કલાક ખુલી રહેનાર કોફી શોપ પણ અહીં જ હતી. પહેલી હોટલ કે જેમાં ઈન્ટરનેશનલ સ્તરનું ડિસ્કોથેક હતું. જર્મન એલિવેટર્સ લગાવવામાં આવ્યા હતા. તુર્કીના બાથ ટબ અને અમેરિકન કંપનીના પંખા લગાવવામાં આવ્યા હતા. પ્રથમ હોટેલ કે જેમાં બ્રિટીશ બટલર્સને હાયર કર્યા હતા. પ્રથમ ચાર દાયકા સુધી, હોટલના રસોડાઓ ફ્રેન્ચ શેફ દ્વારા ચલાવવામાં આવતા હતા. આતંકવાદી હુમલા બાદ બરાક ઓબામા આ હોટલમાં રોકાનારા પહેલા વિદેશી રાષ્ટ્રપતિ હતા. હોટલની શરૂઆતમાં સિંગલ રૂમનું ભાડું દસ રૂપિયા હતું. પંખા અને અટેચ્ડ બાથરૂમ વાળા રૂમનું ભાડું ૧૩ રૂપિયા હતું.

હવે પાછા ૨૬/૧૧/૨૦૦૮ પર આવીએ, આ ૨૬/૧૧ નાં સિરિયલ બ્લાસ્ટમાં હોટલ તાજ પણ સામેલ હતી. ૬૦૦ રૂમ અને ૪૪ સ્યુટ ધરાવતી ભારતની પ્રથમ લક્ઝરી હોટેલ તાજ મહેલ પેલેસ પર પાકિસ્તાનનાં ૧૦ આતંકવાદી ઓએ હુમલો કર્યો હતો. આપણે સૌ જાણીએ છીએ તેમ હોટલ તાજ એ ટાટા ગૃપ અંડર આવે છે અને એટલે રતન ટાટાને આ સમાચાર મળતાં જ તેઓ થોડીવારમાં તાજ હોટલનાં ગેટ પર પહોંચી ગયાં. તમામ અવરોધો છતાં રતન ટાટા તાજ હોટલની અંદર ગયા અને ત્યાં ત્રણ દિવસ અને ત્રણ રાત રોકાયા. એમણે તાત્કાલિક એવી જાહેરાત કરી કે ભલે આખી સંપત્તિ એટલે કે હોટલ ઉડાવી દેવી પડે પણ એક પણ આતંકવાદી બચવો ન જોઈએ.

૨૬/૧૧ હુમલા પછી રતન ટાટાએ જે કર્યું તે માત્ર તેઓ જ કરી શક્યા હતાં. હુમલાના ૨૦ દિવસની અંદર તેમણે એક ટ્રસ્ટની રચના કરી. આ ૨૦ દિવસમાં આ ટ્રસ્ટે હુમલામાં માર્યા ગયેલા દરેક કર્મચારીના પરિવારને ૩૬ લાખથી ૮૫ લાખ રૂપિયા સુધીનું વળતર આપ્યું હતું. માત્ર તાજ હોટલના કર્મચારીઓને જ નહીં પરંતુ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા અન્ય લોકોને પણ વળતર આપ્યું હતું, જેમ કે રેલવે કર્મચારીઓ, પોલીસ સ્ટાફ, ત્યાંથી પસાર થતા લોકો. રતન ટાટાએ આતંકવાદી હુમલાનો ભોગ બનેલા લોકોનાં બાળકોના શિક્ષણની સંપૂર્ણ જવાબદારી પણ લીધી હતી. તમને જાણીને નવાઈ લાગશે કે જે કામ રતન ટાટાએ માત્ર ૨૦ દિવસમાં ટ્રસ્ટ બનાવીને કર્યું, એ જ કામ કરવામાં સરકારને વર્ષો લાગ્યાં. પરંતુ રતન ટાટાએ આ કામ ઝડપથી કર્યું. તો ૨૬/૧૧ ૨૦૦૮ ની ગોઝારી ઘટના ઘટી ત્યારે જે શહીદ થયા એને તો આપણે યાદ કરવાનાં જ છે! અને તેમની બહાદૂરી ને વંદન કરી શ્રદ્ધાંજલિ આપવાની છે, પણ જેમણે આ આખી ઘટનામાં નુકશાન પહોંચ્યું એ તમામને વળતર આપ્યું એ દેશપ્રેમી રતન ટાટા ને શત શત વંદન અને ભારતની શાન ગણાતી આવી હોટલ નું નિર્માણ કરનાર જમશેદજી ટાટા ને પણ વંદન ! કારણકે એમનાં દેશપ્રેમ આગળ આપણું મસ્તક કાયમ નમવું જોઈએ. ધન્ય છે એ ભારત ભૂમિના સૌ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ વીરને. જય હિન્દ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

# લોકો વૃક્ષો વાવી પંચવટીનું કરે નિર્માણ : મોરારિબાપુ

## બાળપણમાં સાત્વિક પરીકથા, યુવાનીમાં હરિ કથા અને વૃદ્ધાવસ્થામાં ખરી કથા સાંભળો તો જ થશે જીવનનો ઉદ્ધાર

રાજકોટ,તા. ૨૫

'માનસ સદભાવના' વૈશ્વિક રામકથાના તૃતીય દિવસે પૂ. મોરારિબાપુએ લોકોને પરિવારદીઠ પાંચ વૃક્ષો વાવીને પંચગ્રહની સ્થાપના કરવા અને તમારા આંગણે જ પંચવટીનું નિર્માણ કરો એવી અપીલ કરી હતી. તેમણે વૃક્ષો, નદી સહિતના પ્રકૃતિના તમામ તત્વો બોલે છે, આપણી સાથે વાત કરે છે પણ આપણે એ સાંભળી શકતા નથી. પૂ. બાપુએ એમ પણ કહ્યુ કે વૃક્ષો વાવવાનો અને ઉછેરવાનો હવે અવસર આવ્યો છે કારણ કે, ઈતિહાસે કરવટ બદલી છે. ભારત મને હરિયાળું દેખાવા લાગ્યું છે એવું પણ પૂ. બાપુએ કહ્યું.

આજે પૂ. મોરારિબાપુએ કથા પ્રારંભે જ વૃક્ષોના મહત્વને ભાવથી સમજાવ્યું. તેમણે કહ્યું કે દરેક પરિવાર ગણેશ, શંકર, વિષ્ણુ. સુર્ય અને દુર્ગાના નામે એક એક વૃક્ષ એટલે કે પાંચ વૃક્ષ વાવે. આમ કરવાથી તમારે ત્યાં પંચદેવની સ્થાપના થઈ જશે અને પંચવટીનું નિર્માણ થઈ જશે. પૂ. મોરારિબાપુએ ગુરુના નામે પણ વૃક્ષ વાવવા અપીલ કરી. તેમણે નરસિંહ મહેતાના 'વૈષ્ણવ જન તો તેને કહીએ' પદ ગાઇને આ નરસિંહની ગિરનારી ગીતા છે એવું કહ્યું. આ કથાને વૃદ્ધો અને વૃક્ષોના સદભાવની કથા ગણાવી. તેમણે એમ પણ કહ્યુ કે પ્રકૃતિના તત્વોની જેમ ગ્રંથો પણ મનુષ્ય સાથે વાત કરે છે.

શાસ્ત્રોમાં વૃક્ષોનો મહિમા ખૂબ છે. કૃષ્ણના વિરહમાં વૃક્ષો રોતા હતા તો કાલિદાની શકુંતલા વૃક્ષો સાથે વાતો કરતી હતી. વૃદ્ધ પોતે વૃક્ષ છે અને વૃક્ષ પોતે વૃદ્ધ છે એવું પૂ. મોરારિબાપુએ કહ્યું. તેમણે એમ પણ જણાવ્યું કે વડલાના ફળને તોડીએ તો ઝીણા ઝીણા બીજ તેમાંથી નીકળે. એ બીજને તોડીએ તો એમાંથી કઈ નજરે ન પડે જે ન દેખાય તે પરમાત્મા છે.પૂ. મોરારિબાપુએ સાધુના વિવિધ પ્રકારો કહ્યા જેમાં સન્યાસી, સંસારી, સહકારી, સરકારી, સુધારક, સ્વીકારક, સંવાદી, સમન્વય, સંઘર્ષ અને સાધનાશીલ સાધુ તેમણે ગણાવ્યા. કપિલ મુનિએ એવું કહ્યું કે સહન કરે તે સાધુ, કરુણાથી ભરેલો હોય તે સાધુ. પૂ. મોરારિબાપુએ રામચરિત માનસનો આધાર લઈ ચૌદ પ્રકારના લોકોને જીવતા છતાં મડદા ગણાવ્યા જેમાં કામી, લોભી, મુઢ, વાણી અને નજરનો હલકો, બદનામ, બોજરુપ, આજીવન રોગિષ્ટ, ક્રોધી, ધર્મ વિમુખ, વેદના વિરોધી, સાધુ વિરોધી, સ્વાર્થી, નિંદક, પાપગ્રસ્ત વગેરેનો સમાવેશ થાય છે.

પૂ. મોરારિબાપુએ બાળપણમાં સાત્વિક પરીકથા, યુવાનીમાં હરિ કથા અને વૃદ્ધાવસ્થામાં ખરી કથા સાંભળવા ભલામણ કરી. તેમણે કહ્યું કે હું રામચરિત માનસના સાત સોપાન ગાઉં છું એટલે કે સાતમાં ધોરણ સુધીનું પ્રાઈમરી કક્ષાનું શિક્ષણ આપું છું. તેમણે યુવાનની વ્યાખ્યા કરતાં કહ્યું કે જે આચાર, વિચાર અને ઉચ્ચારથી યુવાન છે તે જ સાચા યુવાન. તેમણે વિચારક ગુણવંત શાહને ટાંકીને ઝનુન અને જડતા ધર્મના દુશ્મન છે જ્યારે આચાર અને વિચાર ધર્મના મિત્ર છે. પૂ. મોરારિબાપુએ માતા પિતાની સેવા અંગે શીખ આપી કે જ્યારે માતા પિતા હયાત હોય ત્યારે એની સેવા કરવી અને હયાત ન હોય ત્યારે તેમનું સ્મરણ કરવું.

રામકથાને આગળ ધપાવતા પૂ. મોરારિબાપુએ રામકથાના ગાયકના પાંચ મુખનો ઉલ્લેખ કર્યો જેમાં વિચારમુખ, વિવેકમુખ, વિનોદમુખ, વૈરાગ્યમુખ અને વિશ્વાસમુખ હોવાનું જણાવ્યું. શ્રેષ્ઠનો સ્વીકાર કરવો એને જ મોટો ત્યાગ ગણાવ્યો. પૂ. મોરારિબાપુએ ધર્મને બહુ ક્લિષ્ટ કરવાને બદલે સરળ અને સહન એટલે કે માતાના દૂધની જેમ પીવડાવી દેવા અપીલ કરી.

પૂ. મોરારિબાપુએ રામચરિતમાનસ કથાને પાંચ ચરિત્રોની કથા ગણાવી જેમાં શિવ ચરિત્ર, રામ - સીતા ચરિત્ર, ભરત ચરિત્ર, હનુમંત ચરિત્ર અને કાગ ભૂષંડી ચરિત્ર હોવાનું કહ્યું. પૂ. મોરારિબાપુએ એમ પણ જણાવ્યું કે જ્યારે વ્યાસજી નિમંત્રણ આપે છે ત્યારે જ આપણે કથા શ્રવણ કરી શકીએ છીએ બાકી કથા મંડપમાં બેઠા હોઈએ તો પણ કથા શ્રવણ કરવાનું નસીબ પ્રાપ્ત થતું નથી.

ગઈકાલ સવારથી જ કથા મંડપમાં હજારો ભાવિકો ઉમટી પડ્યા હતા જેને કારણે શમિયાણો ભરચક થઈ ગયો હતો. કથા પૂર્ણ થયા પછી હજારો લોકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સદભાવના વૃદ્ધાશ્રમની સમગ્ર ટીમ દ્વારા કથા દરમિયાન ચુસ્ત વ્યવસ્થા જાળવવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિરાધાર, નિ:સંતાન,પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 30 એકર જગ્યામાં , ૫000 નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪00 રૂમ યુક્ત નવું પરિસર 300 કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે. રામકથા દરમિયાન વડિલોનું માન, પર્યાવરણ જતન અને જીવનમાં વૃક્ષોના મહત્વ અંગેની પણ વાત કરવામાં આવી રહી છે. આ કથા દરમિયાન જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃધ્ધાશ્રમની સેવા-સુશ્રુસા, નવા અદ્યતન પરિસરના નિર્માણ અને સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવીને તેનો ૪ વર્ષ સુધી ઉછેર કરવાની પ્રવૃતિના વિકાસ માટે, સમગ્ર ભારતને ગ્રીન કરવા માટે વાપરવામાં આવશે.




### કથામાં દાનની સરવાણી

સાધુનો બેડલો 'અઢીયો': એક રૂપીયાથી એક કરોડ સુધીના અનુદાન અર્પણ કરતાં બાપુના ફલાવર્સ માનસ સદભાવના રામકથામાં પ્રથમ દિવસે જ પૂ. મોરારિબાપુએ આવતા શનિવાર સુધીમાં એટલે કે આઠ દિવસમાં પોતાના ફલાવર્સ, સાજીંદાઓ અને વ્યાસપીઠ તરફથી રૂા. ૧ કરોડ 'તલગાજરડાનું તુલસીપત્ર' સદભાવના વૃધ્ધાશ્રમને અર્પણ કરવાની અપિલ કરી હતી. તેના ૨૪ કલાકમાં જ રૂા. ૨.૫ કરોડનું અનુદાન જાહેર થયું છે. 'સાધુનો બેડલો સવાયો' નહીં પણ અઢીયો થઈ ગયો છે. એમ જણાવી મોરારિ બાપુએ પ્રસન્નતા વ્યકત કરી હતી. લંડનમાં રહેતા રમેશભાઈ સચદેવ નામના શ્રોતાએ પૂ. બાપુને ફોન કરી અને એક કરોડ આપવાની ગઈકાલે જાહેરાત કરી હતી, તો ઝુંપડપટ્ટીમાં રહેતા એક યુવાને પૂ. બાપુને ચીઠ્ઠી લખી પોતે પોતાના પોકેટમનીમાંથી બચાવેલો એક રૂપિયો તેમજ કેનેડાથી જગદીશ ત્રિવેદીએ રૂા. ૧૦ લાખ ઉપરાંત તલગાજરડાના તુલસીપત્ર તરીકે રૂા. પાંચ લાખનો ચેક સદભાવના વૃધ્ધાશ્રમને અર્પણ કરવામાં આવ્યો છે.

### નાનામાં નાના માણસના દાનને સ્વીકારવા કાઉન્ટર શરૂ કરાયા

ઓનલાઈન દાન પણ સ્વીકારવાની વ્યવસ્થા માનસ સદભાવના રામ કથામાં પૂ. મોરારિ બાપુએ લાખો અને કરોડોના દાનની સાથે એક રૂપિયાના દાનનો મહિમા પણ હોવાનું જણાવી આયોજકોને આ માટે ગઈકાલે વ્યવસ્થા કરવા અપિલ કરી હતી. જેના સંદર્ભમાં કથા પંડાલની બહાર અલગ-અલગ કાઉન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં બારકોડ વ્યવસ્થાથી ઓનલાઈન ડોનેશન પણ સ્વીકારવામાં આવે છે તેમ ત્રીજા દિવસની કથા શરૂ થાય એ પૂર્વે મિત્તલ ખેતાણીએ જાહેર કર્યુ હતું.

### તલગાજરડામાં નિર્માણ કરશું 'ત્રિભુવન વન' : પૂ. મોરારિબાપુ

'માનસ સદભાવના' રામકથામાં પૂ. મોરારિબાપુએ પોતાનો સંકલ્પ જાહેર કરતાં જણાવ્યું કે અમે તલગાજરડામાં 'ત્રિભુવન વન'નું નિર્માણ કરવું છે જેમાં એક ૧૦૦૮ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરશું. આ માટે અમે સદભાવના વૃદ્ધાશ્રમનું માર્ગદર્શન લેશું.પૂ. બાપુએ ત્રીજા દિવસની કથા દરમિયાન પોતાનો વૃક્ષો માટેનો સંકલ્પ જાહેર કરતાં કહ્યું કે અમે તલગાજરડામાં 'ત્રિભુવન વન'નું નિર્માણ કરવું છે જેમાં એક ૧૦૦૮ વૃક્ષોનું વાવેતર અને ઉછેર કરશું. વળી આખા ગામને સોલાર બનાવી દેવું છે. ઉલ્લેખનીય છે કે પૂ. મોરારિબાપુના દાદા અને ગુરુનું નામ ત્રિભુવન હોયને તેમના નામ પરથી આ વનનું નિર્માણ કરવામાં આવશે. આ માટે સદભાવના વૃદ્ધાશ્રમનો સહયોગ લેવાનો તેમણે જાહેરાત કરી.

### નવનિર્મિત સદભાવના વૃધ્ધાશ્રમની એક વિંગનું એપ્રિલમાં થશે ઉદઘાટન

રાજકોટ જામનગર હાઈવે પર રામપરા ગામ પાસે 30 એકર જગ્યામાં અદ્યતન સુવિધાઓ સાથે નિર્માણ પામનારા સદભાવના વૃદ્ધાશ્રમની એક વિંગ તૈયાર થવાના આરે છે. આવતા એપ્રિલ મહિનામાં આ વિગનું ઉદઘાટન કરવામાં આવશે. તેવું કથા પૂર્વે જાહેર કરવામાં આવ્યું હતું. એટલું જ નહી એપ્રિલ મહિનામાં આ વિંગનું ઉદઘાટન પૂ. મોરારિબાપુ પોતાના વરદ હસ્તે કરે તેવી નમ્ર વિનંતી મિત્તલ ખેતાણીએ કરેલ હતી.



### વૈશ્વિક ભાગવત કથાકાર ભાઈશ્રી રમેશભાઈ ઓઝા ૨૮ નવેમ્બરે રહેશે હાજર

રાજકોટમાં વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરૂ થઈ ચૂકી છે જે ૧ ડિસેમ્બર સુધી ચાલશે. પૂ. મોરારિ બાપુ રામાયણરૂપી જ્ઞાનગંગાનું રસપાન કરાવી રહ્યા છે. રાજકોટના આંગણે યોજાઈ રહેલ રામકથામાં દેશ-વિદેશથી બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિકો ઉમટી પડ્યા છે ત્યારે વૈશ્વિક રામકથા આપણા જીવનમાં આધ્યાત્મિકતા, માનવતા, પ્રેમ, સંવેદના, કરૂણાના મૂલ્યોને સમજાવવાનું શ્રેષ્ઠ માધ્યમ બની રહી છે. પૂ.મોરારિબાપુ તેમના કથનમાં જીવનનાં મહત્વના સિધ્ધાંતો પ્રેમ અને સહિષ્ણુતા, ધર્મ, કર્તવ્ય, શાંતિની સમજણ રાજકોટ વાસીઓ તેમજ દેશ વિદેશથી આવેલા મહેમાનોને આપી રહ્યા છે. કથા સમાજમાં શ્રધ્ધા અને વિશ્વાસની ભાવનાને ઉજાગર કરે છે ત્યારે ૨૮ નવેમ્બરે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના''માં વૈશ્વિક ભાગવત કથાકાર પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા હાજરી આપવાના છે. અત્રે ઉલ્લેખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિરાધાર, નિ:સંતાન,પથારીવશ,બીમાર વડીલ માવતરના લાભાર્થે ખૂબ આનંદ અને ભક્તિભાવ સાથે પ્રખર રામાયણી પૂ.મોરારિબાપુ દ્વારા, વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા ''માનસ સદભાવના'' શરુ થઇ ચુકી છે. આ કથા ૧ ડીસેમ્બર સુધી ચાલશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા 30 એકર જગ્યામાં , ૫000 નિરાધાર વડીલોને આજીવન સમાવી શકાય તેવું ૧૪00 રૂમ યુક્ત નવું પરિસર 300 કરોડનાં માતબર ખર્ચે બની રહ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમનાં વડીલો અને તેની વૃક્ષારોપણની પ્રવૃત્તિનાં લાભાર્થે આ વૈશ્વિક રામકથા યોજાઈ છે.

### કથા દરમિયાન બાપુની હળવી શૈલીથી શ્રોતાઓ ભાવવિભોર

કથા દરમિયાન વારંવાર ઊભા થઈ જતાં શ્રોતાઓને પૂ. બાપુએ હળવી રીતે ટપારતા કહ્યું કે કીર્તન વખતે ભાવાવેશમાં આવી ઊભા નહીં થતાં, હા....જે લોકો દ્વારકાથી આવ્યા છે એને ઊભા થવા દેજો કારણ કે, તેનો વિડીયો જોઈને ઘરના સભ્યોને જાણ થાય છે કે તે સાજા સારા છે. ખૂબ ખૂબ પ્રસાદ ખાજો પણ જો જો બીજા દિવસે કથામાં આવી શકો એ રીતે જમજો. એક શિક્ષકે વિધ્યાર્થીઓ સામે પાણી ભરેલો શીશો ઊંધો કર્યો અને ઢાંકણાંમાંથી ટીપા પડવા લાગ્યા ત્યારે પૂછ્યું કે શિશામાંથી શું પડે છે ? એવું પૂછ્યુ એટલે વિધ્યાર્થી ઓએ કહ્યું કે ટીપુ શિક્ષકે કહ્યું આજે આપણે ટીપુ સુલતાન વિષે ભણવાનું છે, અરે બાપ આવું અઘરું શું કામ કરો છો?

# ડાયાબિટીસ મુક્ત ગુજરાત બનાવવાની યોગબોર્ડની ઝુંબેશ

## એકતાબેન જોટંગીયા તથા ડો. મહેશભાઈ જોટંગીયા દ્વારા ડાયાબિટીસ નિવારણ માટે આપવામાં આવી હતી માહિતી

રાજકોટ તા. ૨૫

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૪ થી ૨૮ નવેમ્બર સુધી સમગ્ર રાજ્યમાં યોગ દ્વારા ડાયાબિટીસ મુક્ત ગુજરાત અભિયાન ચાલી રહ્યું છે. જે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન કોર્ડીનેટર ગીતાબેન સોજીત્રા દ્વારા સરદાર પટેલ ભવન માયાણી ચોક શિબિર સ્થળ પર પ્રથમ સપ્તાહમાં જ સકારાત્મક પરિણામો મળતા યોગ કરનારાઓનો ઉત્સાહ વધ્યો છે.

આ યોગ શિબિરમાં ડાયાબિટીસને કાબુમાં રાખવામાં મદદરૂપ બનતા આસનો ઉપરાંત સૂર્યનમસ્કારનો અભ્યાસ કરાવવામાં આવે છે. તા.૨૩ અને ૨૪ નવેમ્બર દરમિયાન શિબિરમાં યોગ ટ્રેનર અને સ્વાસ્થ્ય કોચ ડો. એકતાબેન જોટંગીયા તથા ડો. મહેશભાઈ જોટંગીયા દ્વારા ડાયાબિટીસ રોગ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

૨૮ તારીખ સુધી ચાલનારી આ યોગ શિબિરમાં અનેક લોકો ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છે. લાફિંગ થેરાપિસ્ટ જીતેન્દ્રભાઈ ઠક્કર અને તેમના પુત્ર પરાગ ઠક્કર દ્વારા હાસ્ય સેશન લેવામાં આવ્યું હતું. આ શિબિરમાં સીતારામ ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલક જોષીભાઈ દ્વારા દરરોજ ડાયાબિટીસને લગતા જ્યુસ વ્યક્તિદીઠ દસ રૂપિયાના ભાવે આપવામાં આવે છે. સંચાલક રૂપલબેન, કિંજલબેન ઘેટીયા, ભાવનાબેન ગામી તેમજ ડો. કલ્પેશભાઈ પાડલીયા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના રાજકોટ મહાનગરપાલિકાના ટ્રેનર્સ ખૂબ જ ઉત્સાહ સાથે રાજકોટવાસીઓને વિવિધ યોગ અને આસનોનો અભ્યાસ કરાવી રહ્યા છે.



# ઉદ્યોગોને સ્વ-પ્રશાસન અંગે માહિતગાર કરવા યોજાયો સેમીનાર

## કાર્યશાળામાં ભાગ લઈ ASI રિટર્ન ૨૦૨૩-૨૦૨૪ સમયસર ભરવા માટે માર્ગદર્શન મેળવ્યું

રાજકોટ, તા. ૨૫

ભારત સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (**MOSPI**) હેઠળ નેશનલ સ્ટેટિસ્ટિકસ ઑફિસ (**NSO**) ભારતમાં ૧૯૫૦થી વિવિધ સર્વેક્ષણો કરી રહ્યું છે. વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ (**ASI**) ભારતની ઔદ્યોગિક આંકડાશાસ્ત્ર માટેનો મુખ્ય સ્રોત છે. આ સર્વેક્ષણ દર વર્ષે આંકડાશાસ્ત્ર સંગ્રહણ (**COS**) કાયદો, ૨૦૦૮ અને તેના હેઠળ ૨૦૧૧માં બનાવેલા નિયમો હેઠળ કરવામાં આવે છે.

આ કાર્યશાળા ઔદ્યોગિક એકમો/ઉધમી અર્જાઈ ૨૦૨૩-૨૦૨૪ અનુક્રમણિકા માટેના સ્વ- પ્રશાસન પ્રક્રિયા સમજાવવાનો ઉદ્દેશ રાખી કાર્ય કરવામાં આવી રહ્યો છે. તે ઉત્પાદન ક્ષેત્રની ફેક્ટરીઓના પ્રતિનિધિઓ જેમણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે રિટર્ન ભરવા માટે પસંદગી પામેલ છે, આ કાર્યશાળામાં ભાગ લઈ **ASI** રિટર્ન ૨૦૨૩-૨૦૨૪ સમયસર ભરવા માટે માર્ગદર્શન મેળવી શકે છે. આ સર્વેક્ષણ દ્વારા એકત્રિત માહિતીનો ઉપયોગ આંકડાશાસ્ત્રલક્ષી હેતુઓ માટે, ઔદ્યોગિક ક્ષેત્રના કુલ ઘરેલુ ઉત્પાદન (**GDP**)માં યોગદાનનો અંદાજ લાવવાનો અને સરકારને ઔદ્યોગિક વિકાસ માટે નીતિઓ તૈયાર કરવામાં મદદ કરવા માટે થાય છે.

ડો. નીયતી જોશી, ઉપ મહાનિર્દેશક, પ્રદેશ કચેરી, અમદાવાદ, **NSO, MOSPI**, શ્રી એસ.એન. પટેલ, જિલ્લા આંકડા અધિકારી, શ્રી એન.આર.ટોપરાણી, સંયુક્ત નિર્દેશક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ, શ્રી એન. આર.ચૌધરી, ઉપ નિર્દેશક, ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય નિયામક, શ્રી જે.જી.ફલદુ, ઔદ્યોગિક અધિકારી, જિલ્લાની ઔદ્યોગિક કેન્દ્ર અને શ્રી એ.એસ.ચૌહાન, સહાયક નિર્દેશક, ગજ્ય રાજકોટ આ કાર્યશાળાનું ઉદઘાટન કરશે. આ કાર્યશાળા ૨૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટ ચેમ્બર ઑફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રી, રાજકોટના સહયોગથી આયોજન કરવામાં આવી રહ્યું છે.

### ઘંટેશ્વર એસઆરપી કેમ્પમાં રહેતાં મંડપ ડેકોરેશનનું કામ કરતાં ઉના પંથકના એકવીસ વર્ષના રોહનને કોમલ સાથે મિત્રતા હતી, હાલમાં તે પ્રકાશ ઉર્ફે જેનીશ સાથે મિત્રતા ધરાવે છેઃ રોહન હવે કોમલ સાથે બોલતો ન હોવા છતાં જેનીશને દાઝ હતી

# યુવાનની હત્યાનો પ્રયાસઃ પુર્વ ગર્લફ્રેન્ડનો મિત્ર ખૂન્નસથી તૂટી પડ્યો

### દિવાળી વખતે મારી નાખવાની ધમકી આપી હતી, હવે સાચ્ચે જ છરી-પાઇપથી તૂટી પડી ખૂનનો પ્રયાસ કર્યોઃ જીલ્લા ગાર્ડન પાસે રહેતાં શખસને યુનિવર્સિટી પોલીસે સાણસામાં લીધો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

ગર્લફ્રેન્ડ, બોયફ્રેન્ડ, લવઅફેરને કારણે ડખ્ખાડુખ્ખીના બનાવો રોજીંદા થઇ ગયા છે. લવલફરાઓમાં ઘણીવાર વાત હત્યા સુધી પહોંચી જાય છે, તો ક્યારેક હત્યાના પ્રયાસની ઘટનાઓ પણ બને છે. રંગીલા રાજકોટમાં ફ્રેન્ડશીપના ડખ્ખામાં એક યુવાનની હત્યાનો પ્રયાસ થયો છે. ઘંટેશ્વર એસઆરપી કેમ્પ ક્વાર્ટરમાં રહેતાં મુળ ઉના પંથકના યુવાનને અગાઉ એક યુવતિ સાથે મિત્રતા હતી, જે બાદમાં ખતમ કરી નાખી હતી. પણ યુવતિના હાલના બોયફ્રેન્ડને આ બાબતે હજુ પર દાઝ હોઇ અગાઉ ખાર રાખી મારી નાખવાની ધમકી આપી હતી, આ ધમકી સાચી ઠેરવતો હોય તેમ તેણે પોતાની ગર્લફ્રેન્ડના પુર્વ બોયફ્રેન્ડ પર ઘંટેશ્વર નજીક છરી-પાઇપથી તૂટી પડી ગંભીર ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતાં પોલીસે ગુનો દાખલ કરી આરોપીને દબોચી લેવા તજવીજ આદરી હતી.

હત્યાના પ્રયાસની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ઘંટેશ્વર એસઆરપી ગ્રુપ-૧૩ બ્લોક નં. ૪૪/૫૧૮માં એકવીસ વર્ષના રહેતાં રોહન ખેતાભાઇ બારૈયા પર રવિવારે સાંજે ઘંટેશ્વર નજીક જીલ્લા ગાર્ડન ચોકમાં રહેતાં પ્રકાશ ઉર્ફે જેનીશ સુદર્શનભાઇ સોલંકીએ હીચમારો હુમલો કરી હત્યાનો પ્રયાસ કરતાં તેને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયો છે. આ ઘટનાની જાણ થતાં યુનિવર્સિટી પોલીસે હોસ્પિટલે પહોંચી રોહનની ફરિયાદ પરથી હુમલાખોર પ્રકાશ ઉર્ફે જેનીશ વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. રોહન બારૈયા લગ્ન પ્રસંગોમાં ડેકોરેશનનું કામ કરે છે અને માતા-પિતા તથા બે બહેનો સાથે રહે છે. તેના માતા-પિતા ઉનાના ખાણ ગામે રહી વેપાર કરે છે. પોતે રાજકોટમાં બે બહેનો સાથે રહે છે.

ઘટનાની વિગતો આપતાં રોહને ફરિયાદમાં જણાવ્યું છે કે આજથી અઢી વર્ષ પહેલા મારે કોમલ હરેશભાઇ પારેડી સાથે ફ્રેન્ડશીપનો સંબંધ હતો. જો કે છેલ્લા દોઢ વર્ષથી આ સંબંધ મુકી દીધો છે, ગત દિવાળીના બીજા દિવસે એટલે કે બેસતા વર્ષના દિવસે હું અને મારા મિત્રો અટલ



સરોવરમાં બપોરે ફોટા પાડીને પાછા આવતા હતાં ત્યારે રૈયાધાર તરફ જતાં રોડ પર પહોંચતા કોમલ તેના ફ્રેન્ડ પ્રકાશ ઉર્ફે જેનીશ સોલંકી કે જે જીલ્લા ગાર્ડન પાસે રહે છે તે બંને સાથે ઉભા હતાં. આથી હું ગાડીમાંથી નીચે ઉતર્યો ત્યારે પ્રકાશે કહેલુ કે કોમલ સાથે સંબંધ રાખતો નહિ, નહિતર તને પતાવી દેવો પડશે. આવી ધમકી આપતાં હું ત્યાંથી નીકળી ગયો હતો. ત્યારબાદ કોમલના મેસેજ મને આવેલા કે તું શું મારી વાત કરે છે? પરંતુ મેં તેને કોઇ જવાબ આપ્યો નહોતો.

ત્યારપછી રવિવારે સાંજે હું વર્ધમાન નગરમાં આવેલુ મારુ ગોડાઉન બંધ કરી ઘંટેશ્વર ગામ ચોકડી પાસેથી એસઆરપી કેમ્પના રસ્તા પર જતો હતો ત્યારે મોમોઇ હોટેલ પાસે પંચરવાળાની બાજુમાં ખુલ્લી જગ્યા હતી ત્યાં લઘુશંકા કરવા ઉભો હતો. આ વખતે પાછળથી પ્રકાશ ઉર્ફે જેનીશ લોખંડના પાઇપ સાથે આવ્યો હતો અને મને માથામાં ડાબી બાજુ બે ઘા મારી દેતાં હું પડી ગયો હતો. ઉભો થઇને ભાગવા જતાં પ્રકાશ ઉર્ફે જેનીશે ફરીથી હુમલો કરી મને શરીરે આડેધડ ઘા ફટકાર્યા હતાં જેના કારણે વાંસા, મોઢા પર, હાથમાં-ઢીંચણ, બંને હાથના પંજા પર ઈજાઓ થઇ હતી. આ ઉપરાંત તેણે છરી કાઢી હતી અને મને મારવા જતાં મેં હાથ આડો રાખતાં હાથની આંગળી કપાઇ ગઇ હતી અને લોહીલુહાણ થઇ ગયો હતો.

રોહને આગળ જણાવ્યું હતું કે આ ઉપરાંત તેણે મને બેફામ ગાળો દઇ આજે તો તને પતાવી જ દેવો છે કહી ધમકી દીધી હતી. હું બચવા માટે ત્યાંથી ભાગીને બાજુની મોમાઇ હોટલે ગયો હતો. જયાં હોટલવાળા નિલેષભાઇને બનાવની જાણ કરી હતી. તેમજ મારા ફઇ અને બહેનને પણ ફોનમાં વાત કરી હતી.

૧૦૮ પણ કોઇએ ફોન કરતાં આવી જતાં મને હોસ્પિટલે ખસેડ્યો હતો. હુમલાના કારણે મને માથામાં ફ્રેકચર થયું છે અને હેમરેજની અસર છે, હાથના આંગળામાં પણ ફ્રેકચર થયું છે, ડાબા હાથમાં પણ ફ્રેકચર થયું છે. શરીરે મુંઢ માર લાગ્યો હતો. કોમલ સાથે અગાઉ મારે સંબંધ હોઇ તે પ્રકાશ ઉર્ફે જેનીશને ન ગમતાં તેણે મને મારી નાખવાના ઈરાદે પાઇપથી હુમલો કરી બેફામ માર મારી તેમજ છરીથી પણ ઈજા કરી મને મારી નાખવાનો પ્રયાસ કર્યો હતો. તેમ વધુમાં રોહને કહેતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એમ. જી. વસાવાના માર્ગદર્શન અનુસાર પીએસઆઇ ડી. આર. રત્નુએ ગુનો દાખલ કરી આરોપીને પકડી લેવાની કાર્યવાહી કરી હતી. આ બનાવે ભારે ચર્ચા જગાવી છે.

### ભૂલી પડેલી બાળકીને પરિવાર પાસે

# સુરક્ષિત પહોંચાડતી ૧૮૧ અભયમ ટીમ

### બાળકીને વાલીઓ સુધી પહોચાડી ઉઠાવી જહેમત




રાજકોટ મિરર, તા.૨૫

ગુજરાતની મહિલાઓની સુરક્ષા માટે સરકારશ્રીની અનેક યોજનાઓ કાર્યરત છે. સરકારશ્રી મહિલાઓ માટે ખાસ કરીને ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન શરૂ કરીને સ્ત્રીને વ્યક્તિગત અને સામાજિક રીતે સુરક્ષાનું અભય વચન પૂરું પાડી રહી છે.

રાજકોટ શહેર ખાતે પાંચ વર્ષની બાળકીની મદદ માટે એક જાગૃત નાગરિકે ૧૮૧ હેલ્પલાઇનનો સંપર્ક સાધ્યો હતો. બાળકીની મદદ માટે અભયમ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ટીમના કાઉન્સેલરશ્રી વૈશાલીબેન ચૌહાણે બાળકીનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે, બાળકી તેણીના માતા-પિતાને શોધતી હતી અને તેના માતાપિતાનું નામ યાદ ન આવતા ખુબ જ ગભરાયેલી હતી. કાઉન્સેલિંગના થોડા સમય પછી બાળકી શાંત થતાં જણાવ્યું કે, તેના માતાપિતા કારખાનામાં કામ કરે છે, અને તેમના ઘર પાસેના દુકાનદારનું નામ યાદ આવતા અભયમ ટીમ એ વિસ્તાર પાસે પહોંચી હતી. ત્યાં તે વિસ્તારમાં બાળકીની બહેન બહાર રમતી હતી. ત્યારબાદ, અભયમ ટીમે બાળકીની બહેન પાસેથી તેઓના માતાપિતાનો ફોન નંબર અને જરૂરી આધારપુરાવા મેળવી તેમના માતાને યોગ્ય સલાહ-સૂચન અને માર્ગદર્શન આપ્યા હતા. અને ત્યારબાદ અભયમ ટીમે બાળકી માતાને સોંપી ત્યારે માતાએ ભાવુક થઈને ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આમ, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇને ભૂલી પડેલી બાળાને તેના ઘરે સુરક્ષિત પહોંચાડી હતી.

# રેલવેના લોકો પાયલોટે ઈમરજન્સી બ્રેક લગાવી બચાવ્યો સિંહ પરિવાર

### સમયસચુક્તા વાપરી રેલ્વે પાટા પરથી સિંહને આરામથી પસાર થવા દીધા



રાજકોટ મિરર, તા.૨૫

ભાવનગર રેલ્વે મંડળ સિંહો/વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરી રહ્યું છે. મંડળના નિર્દેશો મુજબ, ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઇલોટ નિર્ધારિત ગતિનું પાલન કરી રહ્યા છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે. ભાવનગર રેલ્વે મંડળના લોકો પાયલોટની તકેદારી અને વન વિભાગના ફોરેસ્ટ ટ્રેકર્સની મદદથી ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં કુલ ૮૯ સિંહોના જીવ બચાવાયા છે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે ૨૫.૧૧.૨૦૨૪ (સોમવાર)ના રોજ લોકો પાયલટ શ્રી મુકેશ એન. મીના (મુખ્યાલય-સુરેન્દ્રનગર) અને સહાયક લોકો પાયલટ શ્રી વેની ડેન (મુખ્યાલય-સુરેન્દ્રનગર) એ પીપાવાવ સાઈડિંગ - પીપાવાવ સ્ટેશન વચ્ચે એક સિંહણ અને તેના બે બચ્ચાને રેલવે ટ્રેક તરફ આવતા જોયા તો તરત જ તેણે ગુડ્સ ટ્રેન કે જે પીપાવાવ પોર્ટથી પીપાવાવ સ્ટેશન તરફ જતી હતી તેણે ઈમરજેન્સી બ્રેક લગાવીને રોકી દીધી હતી. ટ્રેન મેનેજર (ગાર્ડ) બમ બમ કુમાર (મુખ્યાલય-બોટાદ) ને લોકો પાયલોટ દ્વારા જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ ફોરેસ્ટ ગાર્ડ થોડી જ વારમાં ઘટનાસ્થળે પહોંચી ગયા અને જોયું કે સિંહો રેલવે ટ્રેક પરથી દૂર હટી ગયા હતા. ત્યારપછી જ્યારે તમામ સ્થિતિ સામાન્ય જણાઈ ત્યારે ફોરેસ્ટ ગાર્ડ દ્વારા લોકો પાઈલટને ત્યાંથી જવા માટે કહેવામાં આવ્યું હતું. ડિપાર્ચર સિગ્નલ મળ્યા બાદ, ટ્રેનને લોકો પાયલોટ દ્વારા ગંતવ્ય સ્થાન તરફ લઈ જવામાં આવી હતી.

માહિતી મળતાં એડિશનલ ડિવિઝનલ રેલ્વે મેનેજર હિમાઁશુ શર્મા અને અન્ય અધિકારીઓ દ્વારા લોકો પાઈલોટ્સના પ્રશંસનીય કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

### શીવનગરની યુવતિની મોટા મવાના ઉત્તમ વકાતર સાથે સગાઇ થઇઃ પણ યુવતિના પિતાનું અવસાન થતાં લગ્ન અટક્યા, ઉત્તમે આ વર્ષે જ લગ્ન કરવા પડશે કહી હેરાનગતિ ચાલુ કરતાં સગાઇ તોડી નખાતાં ન ગમ્યું

# લગ્ન નહિ કર તો મારી નાખીશઃ યુવતિને પુર્વ મંગેતરનો અનહદ ત્રાસ

### સતત ત્રાસ સહન કર્યા બાદ યુવતિએ પુર્વ મંગેતર, તેના ભાઇ, ભાભી અને બહેન વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

લગ્ન એટલે બે એવા યુવક-યુવતિનું મિલન જે પછી જીવનભર એકબીજાના સુખ, દુઃખમાં સાથ આપવાના વચન આપે છે અને આ વચનોને નિભાવે પણ છે. પરંતુ ઘણીવાર યુવતિઓએ જેને ભાવી ભરથાર માન્યા હોય છે એ ભાવી ભરથાર ત્રાસરૂપ બની જતાં હોય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં કુવાડવા રોડ શીવનગરમાં રહેતી યુવતિની સગાઇ મોટા મવાના યુવાન સાથે થઇ હોઇ પણ યુવતિના પિતાનું અવસાન થયું હોઇ છતાં યુવાન લગ્ન કરવાનું દબાણ કરતો હોઇ અને સતત પરેશાન કરતો હોઇ યુવતિના પરિવારજનોએ સગાઇ તોડી નાખતા આ યુવાન રઘવાયો થયો હતો અને સતત આ યુવતિને જો તું મારી સાથે લગ્ન નહિ કર તો તને મારી નાખીશ કહી સતત ધમકીઓ દઇ અનહદ ત્રાસ ગુજારતો હોઇ તેમજ સાથે આ યુવાનના ભાઇ, ભાભી, બહેન પણ ત્રાસરૂપ બની ગયા હોઇ અંતે યુવતિને પોલીસની મદદ લેવી પડી છે.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ મામલે બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે શીવનગર-૪માં રહેતાં તુલજાબેન મચ્છાભાઇ ઠુંગા નામના અઠ્ઠાવીસ વર્ષિય યુવતિની ફરિયાદ પરથી મોટા મવા સ્મશાન સામે હનુમાનજીની ડેરીવાળી શેરીમાં રહેતાં ઉત્તમ ગાંડુભાઇ ભુરાભાઇ વકાતર, મહેશ ગાંડુભાઇ ભુરાભાઇ વકાતર, શ્રધ્ધાબેન ગાંડુભાઇ વકાતર અને મનિષાબેન મહેશભાઇ વકાતર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. તુલજાબેન ઠુંગાએ ઘટનાની વિતક વર્ણવતા પોલીસ સમક્ષ જણાવ્યું છે કે હું મારા માતા જોશનાબેન તથા બે ભાઇઓ માધવભાઇ અને ગાંડુભાઇ સાથે રહુ છું. એક બહેન સાસરે છે. મારા પિતાનું અગાઉ અવસાન થયું હતું. દોઢ વર્ષ પહેલા મારી સગાઇ અમારી મોટા મવા સ્મશાન સામે રહેતાં અમારી જ્ઞાતિના ગાંડુ ભુરાભાઇ વકાતરના દિકરા ઉત્તમ સાથે થઇ હતી. એ પછી ઉત્તમની બહેન હીનાની સગાઇ મારા ફઇના દિકરા સુનિલ સાથે થઇ હતી.

તે વખતે જ્ઞાતિના રિવાજ મુજબ અમોને



ઉત્તમના પરિવારે સોના ચાંદીના ઘરેણા અને સગાઇને લગતી બીજી ચીજવસ્તુઓ આપી હતી. એ પછી ઉત્તમ અને તેના ભાઇ મહેશ વકાતરે અમારા ઘરે આવીને તેમજ ફોન કરીને અવાર-નવાર કહેલુ કે તારા લગ્ન આ વર્ષે જ કરવાના છે, જેથી મેં હાલ મારા પિતાનું અવસાન થયું હોઇ જેથી અમારે લગ્ન કરવા હાલ પૈસાની સગવડ નથી, એકાદ વર્ષ લગ્ન થઇ શકે તેમ નથી તેવું કહ્યું હતું. આથી ઉત્તમ અને મહેશ ગુસ્સે થઇ ગયા હતાં અને કહેલું કે-તો પછી કોર્ટ મેરેજ કરી લે, બાકી લગ્ન તો તારે આ વર્ષે જ કરવા પડશે. જેથી મેં તેને લગ્ન નહિ થઇ શકે તેમ કહ્યું હતું.

ત્યારબાદ પણ ઉત્તમ અને મહેશ અવાર-નવાર અમારી ઘરે આવી લગ્ન કરવાનું દબાણ કરી મારી સાથે અને મારા ભાઇઓ સાથે માથાકુટ કરતાં હતાં. આથી અમે વડીલોને વાત કરી હતી. તેમજ મારા ફઇના દિકરા હિતેષભાઇ રમેશભાઇ સિંધવને જાણ કરતાં તેણે પણ આ બંનેને સમજાવ્યા હતાં. પરંતુ તે સમજતા ન હોઇ આઠેક મહિના પહેલા મારી ઉત્તમ સાથેની સગાઇ તોડી નાખવામાં આવી હતી. તેમજ ઉત્તમની બહેન હીનાની સગાઇ જે મારા ફઇના દિકરા સુનિલ સાથે થઇ હતી તે પણ તોડી નાખવામાં આવી હતી. સગાઇ વખતે મને ચડાવેલા દાગીના મારા ભાઇઓએ કરણભાઇના ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે મનિષાબેન, હીનાબેન, મશેભાઇની હાજરીમાં પાછા આપી દીધા હતાં. આ કારણે એ લોકોને માઠુ લાગતાં ઉત્તમ અને મહેશે તા. ૮/૮/૨૪ના રોજ રાતે સવા બારેક વાગ્યે બ્રહ્માણી પાર્ક-૩માં મારા ફઇના દિકરા હિતેષભાઇના ઘરે જઇ ગાળાગાળી કરી હતી અને નાશી ગયા હતાં.

ત્યારબાદ ભાઇબીજના દિવસે ૩/૧૧ના રોજ હું અને મારા માતા, ભાઇઓ ઘરે હતાં ત્યારે પણ ઉત્તમે આવી અમને બધાને બહાર આવવાનું કહી ગાળો દીધી હતી. અમે બહાર ન નીકળતાં ઉત્તમે-સગાઇ તો તારે મારી સાથે જ કરવી પડશે, નહિતર બહાર નીકળીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી અને જતો રહ્યો હતો. ત્યારબાદ મહેશ, તેના બહેન શ્રધ્ધા, તેની પત્નિ મનિષા અને ઉત્તમ ગમે ત્યારે અમારી ઘરે આવી ગાળો દઇ મારા લગ્ન ઉત્તમ સાથે જ કરવાના છે તેમ કહી સતત ધમકાવી માનસિક રીતે હેરાન કરતાં હોઇ ઉત્તમ, તેના નાના ભાઇ મહેશ તથા તેની બહેન શ્રધ્ધા અને ઉત્તમની ભાભી મનિષા વિરૂધ્ધ ફરિયાદ કરવી પડી હતી. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેની રાહબરીમાં હેડકોન્સ. હિતેષભાઇ જે. જોગડાએ એફઆઇઆર દાખલ કરાવતાં આરોપીઓને ઝડપી લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

બેંક એટીએમ પાસે રેકી કરે, રોકડા લઇ નીકળેલા વ્યક્તિનો પીછો કરે અને નજર ચુકવી ચોરી કરે

# ત્રણ તસ્કરણી દબોચાઈ: ચાર રાજયમાં આચર્યા'તા પચ્ચીસ ગુના

## આ પ્રકારે ચોરીઓ કરવા માટે ખાસ તાલિમ લીધી હોવાની કબુલાતઃ કડીયાસાંસી ગેંગની મહિલાઓની પુછતાછમાં હજુ વધુ ગુનાઓ ઉકેલાવાની શક્યતા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

રાજ્યભરમાં ચોર, ગઠીયાઓ, ઉઠાવીગીરો, લૂંટારૂઓ પોતાના શિકાર શોધવા નીતનવા નુસ્ખાઓનો ઉપયોગ કરતાં હોય છે. આ પ્રકારની ગુનાખોરીમાં પુરૂષ ગુનેગારોને પણ પાછળ રાખી દે તેવી ત્રણ તસ્કરણી મહિલાની ગેંગ પોલીસના હાથમાં આવી ગઇ છે. જેણે ચાર રાજ્યોમાં ચોરીના પચ્ચીસથી વધુ ગુના આચર્યા હતાં. ચોરી કરવાની ખાસ તાલિમ લઇને નીકળતી કડીયાસાંસી ગેંગની આ તસ્કરણીઓ કોઇપણ શહેરની બેંકો, એટીએમ આસપાસ વોચ રાખતી હતી અને જે કોઇ વ્યક્તિ કે જે એકલી હોય તેનો પીછો કરી તક જોઇ નજર ચુકવી તેની રોકડ ચોરી લેવાની ફાવટ ધરાવે છે. આ મહિલા તસ્કરણીઓની પુછતાછમાં વધુ કેટલાક ગુનાઓનો ભેદ ખુલવાની પણ પોલીસને આશા છે.

આંતરરાજ્ય કડીયા સાંસી ગેંગની મુખ્ય સૂત્રધાર સાથે ત્રિપુટી મહિલાને પકડી કપડવંજ ટાઉન પોલીસે કપડવંજમાંથી લીધી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશનાં ૨૫ જેટલા ચોરીના ગુનામાં ફરાર આ મહિલાઓ અહીંયા ગુનાને અંજામ આપે તે પહેલા જ પોલીસના હાથે ઝડપાઇ ગઈ છે. આ તસ્કરણી મહિલાઓ નાના, મોટા શહેરોમાં બેંક, એટીએમ પાસે પહેલા રેકી કરે અને બાદમાં નાણાં લઈને નીકળેલા વ્યક્તિની નજર ચૂકવી ચોરીને અંજામ આપતા હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. આવી ચોરી બાબતે સ્પેશિયલ તાલીમ પણ લીધી હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. મુખ્યસૂત્રધાર યુવતી છે એ નવ વર્ષની હતી ત્યારથી આવી રીતે ચોરીને અંજામ આપતી હોવાની હકીકત પ્રકાશમાં આવી છે. કપડવંજ ટાઉન પોલીસે આ ત્રણેય મહિલાઓને મહારાષ્ટ્ર પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

પોલીસના માણસો શહેરમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે બેંક પાસે ચોરી કરવાના આશયે રેકી કરવા ઉભેલી ત્રણ મહિલાઓ પોલીસના હાથે ઝડપાઈ હતી. શંકાજતા પોલીસે આ ત્રણેય મહિલાને પુછપરછ કરી હતી. સૌપ્રથમ નામઠામ પુછતા આ ત્રણેય પોતાના નામ નીકીતા સજ્જનસિહ ભાનેરીયા (સીસોદીયા), દખોબાઈ વિજેન્દ્ર સીસોદીયા અને શબાના બ્રીજેશ સીસોદીયા (તમામ રહે.રાજગઢ, મધ્યપ્રદેશ)



જતાં જતાં ધમકી દીધી કે બચી જાઇશ તો ફરીથી મારી નાંખીશ!

હોવાનું જણાવ્યું હતું. પોલીસે ટેકનીકલ સર્વેલન્સ, ઈગુજકોપ, હ્યુમનસોર્સથી તેમજ બીજા રાજ્યના પોલીસ વિભાગ સાથે સંકલનમાં રહીને તપાસ કરતા મોટી માહિતી બહાર આવી હતી. જેમાં આ ત્રણેય મહિલાઓ કડીયા સાંસી ગેંગની છે અને નીકીતા ભાનેરીયા નામની મહિલા આ ગેંગની મુખ્ય સૂત્રધાર આરોપી હોવાનું જાણવા મળ્યું હતું. આથી પોલીસે આ ત્રણેયની અટકાયતી કરી કાયદેસરના પગલા ભર્યા હતા.

વિશેષ પુછતાછ થતાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત અને મધ્યપ્રદેશનાં પચ્ચીસ જેટલા ચોરીના ગુનામાં વોન્ટેડ હોવાનું બહાર આવ્યું હતું. કપડવંજ શહેરમાં બેંક પાસે રેકી કરી ચોરીની ફિરાકમાં ભા હતા, ત્યારે પોલીસના હાથે આ ત્રણેય મહિલાઓ પકડાઈ ગઈ છે. પોલીસ ઈન્ટ્રોગેશન દરમિયાન પકડાયેલી મહિલા મહારાષ્ટ્રના બે ગુના અને રાજસ્થાનનો એક ચોરીના ગુનોઓની કબુલાત કરી છે. આ ઉપરાંત ૨૫ જેટલા ચોરીના ગુનામાં પણ ભાગેડુ હોવાનું ધ્યાને આવતા પોલીસે આ ત્રણેય આરોપી મહિલાને મહારાષ્ટ્ર પોલીસને સોંપવા માટે તજવીજ હાથ ધરી છે.

ચોરી કરવા આવેલી ત્રણેય મહિલાઓએ કઈ રીતે ચોરી કરી તે અંગેની તાલીમ પોતાના રાજ્યમાં લીધેલી છે. એ બાદ કોઇ ગામ કે શહેરને ટાર્ગેટ કરી પ્રાઇવેટ વાહનમાં આવી વાહન ગામની બહાર રાખી પોતે ગામમાં બેંક, એટીએમ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ તેમજ ભીડભાડ વાળી જગ્યાઓએ રેકી કરી ભીડનો લાભ લઇ એકબીજાની મદદગારીથી માણસોની નજર ચુકવી થેલી, થેલામાંથી રોકડરકમ, કિંમતી વસ્તુઓની તેમજ વોલેટ, પાકીટની ચોરી કરી ભોગ બનનાર પોલીસ સ્ટેશન પહોંચે તે પહેલા ગામ, શહેર બહાર મુકેલ પોતાના વાહનમાં બેસી ભાગી જતા હોય છે.

આ બનાવ મામલે જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાએ જણાવ્યું કે આ આંતરરાજ્ય ગેંગ છે, ૨૫ જેટલા ચોરીના ગુનાઓમાં વોન્ટેડ છે. આ ત્રણેય મહિલાઓ, ફોર વ્હીલર કોન્ટ્રાક્ટ બેઈઝ પર લઈને આવે છે અને ગામ કે શહેર બહાર મૂકી ટાર્ગેટ સ્થળે પહોંચી નજર ચૂકવીને ચોરી કરે છે. ખાસ ભીડભાડ વાળા સ્થળોની તે લોકો વધુ પસંદ કરે છે. એ બાદ ચોરી કરી કાર લઈને ભાગી જાય છે. આ કેસમાં પણ કાર ચાલક હજી ફરાર છે પોલીસે આ દિશામાં પણ કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, આ ગેંગની મુખ્ય સુત્રધાર આરોપી નિકીતા ભાનેરીયા છે અને તેણે તેમજ પકડાયેલી તમામ મહિલાઓએ તાલીમ દ્વારા આ ચોરીને અંજામ આપ્યો છે. આ ઉપરાંત નીકીતા નવ વર્ષની હતી ત્યારથી આવી રીતે ચોરીને અંજામ આપતી હોવાની હકીકત પ્રકાશમાં આવી છે.

# તસ્કરોનો ઉપાડો: મનપાના નિવૃત શોપ ઈન્સ્પેક્ટરના ઘરમાંથી કિમતી વાસણોની ચોરી

## સાત દસકા જુના તાંબા-પિત્તળના વાસણો મનહરપ્લોટના ડેલામાં આવેલી ચાર રૂમમાંથી ચોરાઇ ગયાઃ બે તસ્કર કેમેરામાં કેદ થયાઃ એ-ડિવીઝન પોલીસની તપાસ



રાજકોટઃ તસ્કરોએ રાજકોટમાં હાથફેરા ચાલુ જ રાખ્યા છે. વધુ એક ચોરીનો બનાવ બન્યો છે.

મનહરપ્લોટમાં છસ્સો વારના ડેલાની અંદર આવેલી ચાર રૂમોના તાળા તોડી બે તસ્કરો આશરે સિત્તેર વર્ષ જુના ત્રાંબા-પિત્તળના વાસણો ચોરી જતાં પોલીસને જાણ કરાઇ છે. મહાનગર પાલિકાના નિવૃત શોપ ઈન્સ્પેક્ટરે આ અંગે ફરિયાદ નોંધાવી છે. બે તસ્કર પાછળના ભાગેથી વંડી ટપી ડેલામાં ઘુસતા અને ચોરી કરી ભાગતા સીસીટીવી કેમેરામાં દેખાયા છે. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે ગોંડલ રોડ વિજયપ્લોટ-૭માં મકવાણા નિવાસ ખાતે રહેતાં મહાનગર પાલિકાના નિવૃત શોપ ઈન્સ્પેક્ટર એંસી વર્ષના વેલજીભાઇ સવજીભાઇ મકવાણાની ફરિયાદ પરથી એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે વેલજીભાઇ મકવાણાની ફરિયાદ નોંધી છે. તેમણે જણાવ્યું છે કે હું મનપામાં શોપ ઈન્સ્પેક્ટર હતો અને ૨૦૦૨માં નિવૃત થયો છું. મારે મંગળા રોડ પર મહનહરપલોટ-૧૩/૧૫ના ખુણે ૬૦૦ વારનો ડેલો છે, તેમાં ચાર રૂમ છે અને તેમાં બધામાં તાળા મારેલા છે. જેમાં આશરે ૭૦ વર્ષ જુના તાંબા-પિત્તળના વાસણો રાખેલા છે. છેલ્લે આ વાસણો મેં ૧૪/૯/૨૪ના રોજ જોયા હતાં. ૧૫/૯ના સવારે સાડા દસેક વાગ્યે હું ઘરેથી મારા ડેલે આટો મારવા ગયો ત્યારે મેઇન દરવાજાનું તાળુ ખોલીને અંદર ગયો હતો. મારે કબુતરને ચણ નાખવાની હોઇ જેથી એક રૂમની અંદર મેં ચણ રાખી હોઇ તે લેવા જતાં દરવાજો ખુલ્લો હતો.

તેમણે આગળ કહ્યું હતું કે આ ચારેય રૂમ પતરાવાળા છે. અંદર જોતાં કબાટમાં બધુ વેરવિખેર જોવામ ળ્યુ.હતું. બીજા ત્રણ રૂમ ચેક કરતાં તેના પણ તાળા તૂટેલા હતાં અને બધુ વેરવિખેર જોવા મળ્યું હતુ. તપાસ કરતાં ખબર પડી હતી કે ડેલામાં રાખેલા તાંબા પિતત્તાળના વસણો ગાયબ હતાં. જેમાં પિત્તળના બે મોટા બેડા, મોટી ગોળી-૩, પિત્તળના તપેલા-૨, નાનુ તપેલુ, ત્રાંબાનો ત્રાસ, પિત્તળનો મોટો ત્રાસ, પિત્તળની બે મોટી ડોલ, બોઘરણી, મળી કુલ સિત્તેર હજારના ત્રાંબા-પિત્તળના વાસણો જોવા મળ્યા નહોતાં. આથી મેં બાજુના ફ્લેટવાળાના સીસીટીવી કેમેરા ચેક કરતાં બે અજા

અણ્યા શખ્સો ડેલાની પાછળની દિવાલ કુદી અંદર પ્રવેશતા અને વાસણો ચોરી કરી લઇ જતાં દેખાયા હતાં. જે તે વખતે મેં ફરિયાદ કરી નહોતી. પણ હવે ફરિયાદ કરવાનું નક્કી કરી પોલીસને જાણ કરી હતી. એ-ડિવીઝન પોલીસ ઈન્સ્પેક્ટર આર. જે. બારોટના માર્ગદર્શનમાં હેડકોન્સ. આર.જી. ચૌહાણે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# માંડાડુંગર પાછળ યુવાનનો આપઘાત

## અકળ કારણોસર ગળેફાંસો ભરેલું પગલું



રાજકોટ મિરર, તા.૨૫

રાજકોટની ભાગોળે માંડાડુંગર પાછળના વિસ્તારમાં આજે એક યુવાને અકળ કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની આગળની તપાસ આજીડેમ પોલીસે હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ માંડાડુંગર પાછળ આવેલા રઘુનંદન પાર્કમાં રહેતા ૪૨ વર્ષના રામમોહન ચૌહાણ નામના યુવાને આજે કોઈ અગમ્યો કારણોસર પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ પરથી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈએમટી રાજીબેને રામમોહનણે જોઈ-તપાસી મૃત જાહેર કર્યો હતો. દરમિયાન આજીડેમ પોલીસે મૃતકની લાશને પીએમ માટે સિવિલ હોસ્પીટલે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**ધમકી**

બાપુનગર પાસે રહેતા મોહિતભાઇ હરેશભાઇ રાઠોડ નામના યુવાને ધર્મેશ ભનુ પરમાર અને તેમના ભાઇ હિતેશ પરમાર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. જેમાં મોહિતે ફરીયાદમાં જણાવ્યુ હતુ કે પોતે જીલ્લા ગાર્ડન ગેટની સામે ગુરૂકૃપા સ્ટીલ ફર્નીચર નામના શોરૂમમાં છેલ્લા ૩ વર્ષથી પ્રાઇવેટ નોકરી કરે છે અને ગઇકાલે પોતે દુકાને હતો ત્યારે તેમના બંને મિત્રો ધર્મેશ અને હિતેશ ત્યા આવી પહોંચ્યા હતા અને બંનેએ મોહીત પાસેથી કપડા લેવાના પૈસા માંગી ધમકી આપી હતી.તેમજ આરોપીઓ ત્યાથી એકટીવા લઇ ભાગી જતા તેમની તલવાર ત્યાંજ પડી ગઇ હોવાનુ ફરીયાદમાં જણાવતા બંને શખ્સોની ભકિતનગર પોલીસે શોધખોળ શરૂ કરી છે.

# ઘર પાસે કચરો નાખ્યોને માતા-પુત્ર પર પડોશી તૂટી પડ્યો

## ન્યુ રાજદીપ સોસાયટીનો બનાવ : તાલુકા પોલીસ દ્વારા હુમલાખોરની શોધખોળ

રાજકોટ મિરર, તા.૨૫

શહેરના ન્યુ રાજદીપ સોસાયટી વિસ્તારમાં ઘર પાસે કચરો ફેંકવા જેવી નજીવી બાબતે પાડોશીએ ધોકા વતી માતા-પુત્ર પર હુમલો કર્યાનો તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

ન્યુ રાજદીપ સોસાયટીમાં રહેતા વંદનાબેન ધર્મેન્દ્રભાઇ ચાવડાએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે. પાડોશમાં રહેતા રિધ્ધીબેન, તેમના પતિ અજયભાઇ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે. વંદનાબેને ફરીયાદમાં જણાવ્યુ હતુ કે પોતે ઈમીટેશનનુ કામ કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. ગઇકાલે બપોરના સમયે પોતાના ફળીયામાં હતા ત્યારે પાડોશમાં રહેતા રિધ્ધીબેન અજયભાઇ બાંભરોટીયા સામે જોઇને કટાક્ષથી હસ્તા હતા. ત્યારે તેમની સાથે બોલાચાલી થઇ હતી અને તેઓ ગાળો બોલવા લાગતા તમારી વચ્ચે સમાધાન થયુ હતુ.

ત્યારબાદ બપોરના અઢી વાગ્યે વંદનાબેન પાડોશી સાથે વાતચીત કરતા હતા ત્યારે રિધ્ધીબેને ફરી બોલાચાલી કરી હતી અને તેઓએ ધોકો લઇ મારવા દોડતા પુત્ર આર્યને બચાવી લીધા હતા અને ત્યારબાદ થોડીવારમાં રિધ્ધીબેનના બંને ભાઇ ત્યા આવી જતા તેમને સમજાવતા સમાધાન થઇ ગયુ હતુ. ત્યારબાદ સાંજના સમયે ચારેક વાગ્યે વંદનાબેન પોતાના ઘરે બેઠા હતા ત્યારે રિધધીબેનના પતિ ત્યા આવી કહેવા લાગ્યા કે હું ઘરે ન હતો ત્યારે મારા પત્ની સાથે બોલાચાલી કેમ કરી અને બાદમાં ઝઘડો કરી અજયભાઇએ ઝપાઝપી કરી ધોકા વડે માર માર્યો હતો. તેમજ વચ્ચે પડેલા વંદનાબેનના પુત્રને પણ માર માર્યો હતો. તેમજ જતા જતા અજયભાઇએ ધમકી આપી કે મારી પત્ની સાથે ઝઘડો કરીશ તો સારાવટ નહી રહે. આ મામલે તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા એએસઆઇ કુલદિપસિંહ જાડેજા સહીતના સ્ટાફે તપાસ શરૂ કરી છે.

# મહિલાઓ વિરુધ્ધ થતી હિંસા નાબૂદી જન જાગૃતિ અભિયાનનો પ્રારંભ

રાજકોટ મિરર, તા.૨૫

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા તા. ૨૫ નવેમ્બર **(International Day for the Elimination of Violence against Women)** થી ૧૦ ડિસેમ્બર **(Human Rights Day)** દરમિયાન મહિલાઓ વિરુધ્ધ થતી હિંસા નાબૂદી અભિયાન અંતર્ગત ૧૬ દિવસ સુધી મહિલાઓ અને કિશોરીઓ પર થતી જાતિગત હિંસા સંબંધિત મુદ્દાઓને અનુલક્ષી કાર્યક્રમો યોજાશે.

''ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન'' (ઉઈઊઠ) ટિમ દ્વારા રાજકોટ જિલ્લામાં જાતિગત સંવેદનશીલતા હેલ્પલાઇન,ચાઈલ્ડ હેલ્પલાઇન, કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અધિનિયમ ૨૦૧૩, ઘરેલુ હિંસા પોક્સો એક્ટ ૨૦૧૨,બાળલગ્ન પ્રતિબંધિત અધિનિયમ ૨૦૦૬, ગુડ ટચ બેડ ટચ, સાઇબર સેફટી અંગે જાગૃતિ કાર્યક્રમ/સેમિનાર/તાલીમનું આયોજન કરવામાં આવશે.

મિત્રતા, પ્રેમના નામે જાળ બીછાવી શિકાર શોધતા લેભાગુઓથી ચેતજોઃ વધુ એક કિસ્સો સામે આવ્યો

# ફોટોગ્રાફરે લવરીયાનો સ્વાંગ રચી સર્વસ્વ લૂંટ્યું, પછી દીધો જાકારો

## લગ્નપ્રસંગમાં યુવતિનો પરિચય થયા બાદ શરૂ થયો 'લવ સેક્સ ધોખા' ખેલઃ યુવતિએ લીધી પોલીસની મદદ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

આજના યુગમાં અમુક લેભાગુઓ લવના નામે સેક્સ અને ધોખાના કારસ્તાનોને અંજામ આપતાં હોય છે. આ પ્રકારની ઘટનાઓ અવાર-નવાર પોલીસ દફતરે પહોંચતી રહે છે. મિત્રતા, પ્રેમ અને છેલ્લે શરીર સંબંધ બાંધી લઇ પોતાનો સ્વાર્થ સંતોષી લીધા બાદ લેભાગુ લવરીયાઓ દગાખોરી આચરતાં હોય છે. આ કારણે જે તે યુવતિ કે સગીરા કે છાત્રા કે પછી પરિણીતાઓના જીવતર બગડી જતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં એક ફોટોગ્રાફરે યુવતિને ફસાવી પહેલા મિત્રતા કેળવી હતી, પછી પ્રેમની જાળમાં ફસાવી હતી, લગ્નની લાલચ દઇ આંબાઆંબલી બતાવી તેની સાથે વારંવાર દૂષ્કર્મ આચર્યુ હતું અને છેલ્લે યુવતિએ લગ્નની વાત કરતાં તેણે ના કહી દીધી હતી. આ સાથે યુવતિ સાથે લવ સેક્સ ઔર ધોખાનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો.

આ ઘટનાની વિગતો પર નજર કરીતે ઓ અડાજણમાં રહેતી ત્રેવીસ વર્ષની યુવતી એક ફોટો સ્ટુડીયોમાં નોકરી કરે છે. આ યુવતી એક લગ્નના ઓર્ડરમાં ફોટોગ્રાફી કરવા માટે વેસુ વિસ્તારમાં લગ્ન પ્રસંગમાં ગઇ હતી. ત્યારે તેનો પરિચય ફોટોગ્રાફી સાથે સંકળાયેલા રોહિત ભવરસિંહ રજપુત સાથે થયો હતો. આ મુલાકાત આગળ જતાં મિત્રતામાં પરિણમી હતી. એ પછી ફોટાગ્રાફર યુવાને પ્રેમલા પ્રેમલીના ખેલ ચાલુ કર્યા હતાં. યુવતિ પણ યુવાનના લવ તરફ આકર્ષિત થઇ હતી. પરંતુ ત્યારે ખબર નહોતી કે આ માત્ર કહેવાતો લવ છે. બાદમાં રોહિતે યુવતીને લગ્ન કરવા માટે પ્રપોઝ કર્યુ હતું. જેથી યુવતીને તેની પર વિશ્વાસ બેસી ગયો હતો. બાદમાં રોહિત તેને અવાર નવાર અલગ અલગ જગ્યાએ લઇ જઇને શરીર સંબંધ બાંધતો હતો. જ્યારે યુવતી લગ્ન કરવાનું કહેતા રોહિત બહાના કાઢી લેતો હતો.



બીજા બનાવમાં એકતરફી પ્રેમીએ મહિલાની પાછળ પડી ખુબ હેરાન કરી, છરી બતાવી કહ્યું-સંબંધ નહિ રાખ તો મારી નાંખીશ!

જોકે, યુવતીને લગ્ન કરવા માટે દબાણ કરતા રોહીતે લગ્નનો ઈન્કાર કરી તરછોડી દીધી હતી. આખરે યુવતીએ અડાજણ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. મિત્રતા, પ્રેમના નામે યુવતિઓને ફસાવી દૂષ્કર્મ આચરવાની ઘટનાઓ સતત બની રહે છે. આવા લેભાગુઓથી ચેતવાની ખુબ જરૂર છે. આ ઘટના વધુ એક વખત લાલબત્તી ધરી રહી છે.

બીજા એક બનાવમાં ઘરાર પ્રેમીએ ખેલ આચર્યા હતાં. અમદાવાદ પૂર્વ વિસ્તારમાં જાહેરમાં છેડતીના બનાવો વધતા મહિલાઓની સુરક્ષા જોખમાઇ રહી છે. ઠક્કરનગરમાં એક તરફી પ્રેમમાં પાગલ યુવકે મહિલાને રોકીને તું મારી સાથે કેમ વાતચીત નથી કરતી કહીને તકરાર કરીને ગાળો બોલવા લાગ્યો હતો અને હાથ પકડીને મહિલાની છેડતી કરીને હતી અને સબંધ નહી રાખે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વધુ માહિતી અનુસાર ઠક્કરનગર વિસ્તારમાં રહેતી પાંત્રીસ વર્ષની મહિલાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં રહેતા યુવક સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલા ગઇકાલે સવારે મહિલા પોતાના પુત્રને સ્કૂલમાં મૂકીને ઘરે પરત આવી રહી હતી ત્યારે આરોપીએ તેને રોકી હતી અને તું મારી સાથે કેમ વાતચીત કરતી નથી કહેતા મહિલાએ મારે તારી સાથે વાતચીત કરવી નથી તેમ કહેતા યુવકે ઉશ્કેરાઇને ગાળો બોલવાની શરૂ કરતાં મહિલાએ ગાળો બોલવાની ના પાડી હતી. એટલું જ નહી યુવકે મહિલાનો હાથ પકડીને છેડતી કરી હતી ચાકુ બતાવીને મારી સાથે સંબંધ નહી રાખે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી ડરના માર્યા મહિલા વાહન લઇને ઘરે જતી રહી હતી અને પરિવારને જાણ કરીને આરોપી સામે ફરિયાદ નોંધાવતા કૃષ્ણનગર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## પરિશ્રમ સોસાયટી જેવા અનેક આવાસોમાં રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની છતી થઈ પોલ

# રૂડા આવાસ | ઢીલીનીતિ+ગેરરીતિ=પ્રજા દુઃખી

## રદ થયેલ આવાસો માટે છે અરજીઓ આવી એનો પણ નિકાલ થયો નથી, એક વર્ષ જેટલો સમય વીતી ગયો છતાં તારીખ પે તારીખ

### આવાસ છેવાડે હોવાથી આજ દિન સુધી હજુ નથી મળી લાઈટની સુવિધા

પરિશ્રમ આવાસ જે ઊભો કરવામાં આવ્યું છે તે ઇસ્કોન મંદિર પાછળ આવેલું છે પરંતુ જોવાની વાત એ છે કે રાત્રિ સમયે એક પણ પ્રકારની સ્ટ્રીટ લાઈટ છેવાળા સુધી મૂકવામાં આવી નથી જેથી મહિલાઓએ બહાર નીકળવું પણ ખૂબ કપરું બને છે આ માટે મહાનગરપાલિકા અને રૂડામાં પણ લેખિત અરજીઓ કરવામાં આવી છે કે આવાસ જે ઊભા કરી દેવામાં આવ્યા છે અને તેને આશરે બે વર્ષ જેટલો માર્ગ સમય વીતી ગયો છે છતાં પણ હજુ સુધી સ્ટ્રીટ લાઈટ મૂકવામાં આવી નથી તો તે મૂકવામાં આવે જેથી લોકો રાત્રી સમયે અવર જવર કરી શકે. પરંતુ હજુ પણ સત્તાધિશો દ્વારા આ અંગે કોઈ નક્કર કામ કરવામાં આવ્યું નથી જેનાથી લોકો રોષે ભરાયા છે. જો આવનારા દિવસોમાં આ અંગે કોઈ નક્કર કામગીરી કરવામાં નહીં આવે તો વિરોધ પ્રદર્શન થાય તો પણ નવાઈ નહીં એટલું નહીં સત્તાધીશોને પણ ખ્યાલ છે કે આ તકલીફ લોકો વેઠી રહ્યા છે પરંતુ તેનું નિવારણ લાવવા માટે હજુ પણ કોઈ રસ્તો શોધવામાં આવ્યો નથી જે અત્યંત દયનીય બાબત કહેવાય.

### સોલારમાં નબળું કામ : લાઈન લીક

એક તરફ કેન્દ્ર સરકારે અને રાજ્ય સરકાર પ્રદૂષણ દૂર કરવા માટે અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. સોલાર સિસ્ટમને કેન્દ્રને રાજ્ય સરકારે અમલી બનાવી છે અને મહત્તમ લોકો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે ત્યારે હવે જે આવાસો સરકાર બનાવી રહ્યા છે તેમાં પણ સોલાર સિસ્ટમ ઊભી કરવામાં આવતી હોય છે પરિશ્રમ સોસાયટીની વાત કરવામાં આવે તો આ આવાસમાં પણ ખાસ વ્યવસ્થા સોલાર માટેની ઉભી કરવામાં આવેલી છે પરંતુ ત્યાંના સ્થાનિકોના કહેવા મુજબ આજ દિન સુધી સોલારનો જે રીતે ઉપયોગ થવો જોઈએ તે થયો નથી કારણ કે સોલાર માટે જે પાઈપ લગાડવામાં આવ્યા છે તે અત્યંત નબળી ગુણવત્તા ના હોવાથી લીકેજ નો પ્રશ્ન ઉભો થયો છે આ અંગે અનેક વખત રજૂઆત કરવામાં આવી અને ખાનગી કોન્ટ્રાક્ટર અને કારીગર મારફતે રીપેર પણ કરાવવામાં આવ્યું છતાં પણ પરિસ્થિતિ દિન પ્રતિદિન વણસી રહી છે ત્યારે આ જવાબદારી કોણ લેશે તે સૌથી મોટો પ્રશ્ન ઊભો થયો છે સાથોસાથ સોલારને લઈને જે જાગૃતતા કેળવવામાં આવી રહી છે તેમાં આ પ્રકારની પરિસ્થિતિ ઉભી થાય તો લોકોને હેરાન થવું પડે છે જે હાલ અત્યારે પરિશ્રમ સોસાયટીના રહેવાસીઓ તકલીફ ભોગવી રહ્યા છે.

### પરિશ્રમ સોસાયટીના ફ્લેટમાં પણ ચાલી રહી છે કોમર્શિયલ પ્રવૃત્તિઓ

કોઈપણ રહેણાંક ફ્લેટ અથવા તો રહેણાંક મકાન હોય તેમાં કોમર્શિયલ પ્રવૃત્તિ કરવી હોય તો ખાસ મંજૂરી લેવામાં આવતી હોય છે પરંતુ જ્યારે સરકાર દ્વારા બનાવવામાં આવેલા આવાસ યોજનાની વાત કરવામાં આવે તો તે આવાસોમાં કોઈપણ પ્રકારની કોમર્શિયલ પ્રવૃત્તિ કરવામાં આવતી હોય તે ગેરકાયદે અને ગેરમાન્ય છે. પરંતુ સત્તાધીશોને ધ્યાન હોવા છતાં પરિશ્રમ સોસાયટીના અનેક ફ્લેટમાં કોમર્શિયલ પ્રવૃત્તિઓ ચાલી રહી છે જે અંગેની વાત સ્થાનિકોએ વર્ણવી હતી. ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે જ્યારે અધિકારીઓને પણ ખબર હોય કે ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલી રહી છે તો કોકની મીઠી નજર હેઠળ આ સમગ્ર કારણ સ્થાન આચરવામાં આવતું હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

### ફાયર સાધનોને પણ નથી આવ્યા બદલવામાં નથી અપાય ટ્રેનિંગ

ટીઆરપી અગ્નિકાંડ બાદ ફાયરને લઈને અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે હવે પરિશ્રમ સોસાયટીમાં જે ફાયર ના સાધનો મૂકવામાં આવ્યા છે તે પણ આઉટડેટેડ થઈ ગયા છે ત્યારે હવે આ સાધનોને બદલવામાં આવે અને સૌથી મહત્વની વાત તો એ છે કે અહીં વસતા લોકો ને હજુ સુધી ફાયર અંગેનું કોઈ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું નથી જે એક દુઃખની વાત છે.








રાજકોટ તા. ૨૫

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ અનેકવિધ યોજનાઓ થતી રાજકોટ નજીકના જે વિસ્તારો છે તેના વિકાસ માટે અનેકવિધ કાર્યો કરતી હોય છે એટલું જ નહીં રૂડા દ્વારા શહેરની ભાગોળે અનેકવિધ ટાઉનશીપ એટલે કે આવાસ યોજના પણ ઉભી કરે છે જેમાં જરૂરિયાતમંદ લોકો વસવાટ કરતા હોય છે પરંતુ વરવિ વાસ્તવિકતા તો એ છે કે આ આવાસ યોજનામાં અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે જેનું નિરાકરણ આજે પણ આવ્યું નથી અને ત્યાં વસતા રહેવાસીઓએ પણ ઘણી હાલાકી ભોગવી પડે છે. એક બે વાર અરજીઓ થઈ હોય તો સમજી શકાય પરંતુ વરસ વરસ સુધી અરજીઓના જવાબ ન આવે અને સતત હેરાનગતિનો સામનો સ્થાનિક લોકોએ કરવો પડે તે ક્યાંનો ન્યાય આ લોકોની વ્યથા છે. રૂડા ના આવાસ ને લઇ અનેકવિધ રહેવાસીઓ કે પછી કહેવામાં આવે કે લાભાર્થીઓ ઘણી ખરી રીતે હેરાન પરેશાન થઈ રહ્યા છે અને તેમના દ્વારા રૂડાના અધિકારીઓને પણ ઘણીખરી રજૂઆતો કરવામાં આવતી હોય છે પરંતુ એનકેન પ્રકારે એ રજૂઆતોને ગેરલાયક ફેરવી અથવા તો કોઈ નક્કર જવાબ આપ્યા વગર જ લોકોને ધક્કા ખાવા પડે છે. આવી જ એક ઘટના રાજકોટની ભાગોળે આવેલા ટીપી સ્કીમ ૧૭ અને મુંજકા ફાઈનલ પ્લોટ એસી માં ઊભી કરવામાં આવેલી પરિશ્રમ સોસાયટીમાં બની છે. આ સોસાયટીમાં આશરે ૭૮૪ પ્લેટ ઉભા કરવામાં આવ્યા છે અને મળતી માહિતી મુજબ ૯૦ ટકા જેટલા ફ્લેટમાં રહેવાસીઓ વસવાટ કરે છે પરંતુ જાણવા જેવી અને સમજવા જેવી વાત તો એ છે કે હજુ પણ ૧૦% જેટલા લોકોને આવાસ મળ્યા નથી પરંતુ આ એ આવાસો છે કે જે ભૂતકાળમાં રૂડા દ્વારા કોઈ પણ કારણો વર્ષ હસ્તગત કરી લેવામાં આવ્યા હોય અને ફરી તેને સોંપવા માટે જાહેરાત કરવામાં આવી હોય.

આ માત્ર પરિશ્રમ સોસાયટીની જ વાત છે પરંતુ ખરી વાસ્તવિકતા તો એ છે કે રૂડા હેઠળ જે જે પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા છે તે પ્રોજેક્ટમાં આશરે ૪૫૦૦ અરજીઓ આવેલી. જેમાં રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળે ૩૦૦૦ અરજીઓને માન્ય રાખી જે માટે લોકોએ રૂપિયા ૫૦૦૦ ની ડિપોઝિટ પણ ભરી હતી. બાકી રહેતા ૧૫૦૦ લોકોને રૂડાએ ગેરલાયક ગણાવ્યા હતા. ત્યારે જે ગ્રાહ્ય રાખવામાં આવેલી અરજીઓ છે તેને ક્યારે આવા સોંપવામાં આવશે તે સૌથી મોટો પ્રશ્ન ઉભો થયો છે કારણ કે આ એ લોકો છે કે જેમના લોટ એ લોટ થવાના છે પરંતુ એક વર્ષ જેટલો માતબર સમય વીતી ગયો છતાં હજી સુધી જે અરજીઓને ગ્રાહ્ય રાખ્યા બાદ જે ફ્લેટ એલોટ કરવામાં આવવા જોઈએ તે એલોટ કરવામાં આવ્યા નથી. આ માટે અનેકવિધ રજૂઆતો કરવામાં આવી પરંતુ કચેરીના કર્મચારીઓ અને અધિકારીઓ એ જ વાત કહી રહ્યા છે કે આવનારા દિવસોમાં તમને પ્લોટ એટલે કે ફ્લેટ લાગી જશે પરંતુ એને પણ વરસ જેટલો સમય વીતી ગયો ત્યાં સુધી હજુ પણ તેમને પોતાના ફ્લેટ મળ્યા નથી.

ત્યારે હવે જે અરજી કરનાર અરજદારો છે તેમનું માનવું છે કે ક્યારે તેમને ફ્લેટ લાગશે કારણકે અનેકવિધ લોકોએ ૫૦૦૦ જેવી માર્ગ રકમ ડિપોઝિટ પેટે ભરી છે અને તે રકમ પણ અત્યારે બ્લોક થઈ ચૂકી છે. રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે પગલાં લેવામાં આવી રહ્યા છે તે ઘણાખરા અંશે લોકોને પસંદ નથી કારણકે તેમના જે કાર્યો થવા જોઈએ તે થતા ન હોવાના પગલે ઘણા ખરા પ્રશ્નો ઊભા થયા છે. એટલું જ નહીં પરિશ્રમ સોસાયટીની જ્યારે વાત કરવામાં આવે તો અનેકવિધ પ્રશ્નો પણ આ સોસાયટીમાં જોવા મળી રહી છે અને ત્યાં વસતા રહેવાસીઓ પણ હેરાન પરેશાન થઈ ગયા છે. કોઈ એક પ્રશ્ન હોય તો સમજી શકાય પરંતુ અહીં અનેકવિધ પ્રશ્નો થી લોકો હેરાન પરેશાન થયા છે અને પોતાની હૈયા વરાળ પણ રાજકોટ મિરર સમક્ષ વર્ણવી હતી. હોવાનું એ થયું કે આ તમામ પ્રશ્નોના નિવારણ ક્યારે આવશે જ્યાં સુધી આ મુદ્દે નિવારણ નહીં આવે ત્યાં સુધી હજુ પણ પ્રશ્નો ઊભા થાય તેમાં કોઈ શંકા ને સ્થાન નથી. એ વસવાટ કરતા લોકોએ જણાવ્યું કે ઘણા ખરા મુદ્દે રૂડાને એક વખત નહીં અનેક વખત રજૂઆત કરવામાં આવે પરંતુ આજ દિન સુધી તેનો કોઈ યોગ્ય ઉકેલ લાવવામાં આવ્યો નથી એટલું જ નહીં પરિણામ સ્વરૂપે ત્યાં વસતા રહેવાસીઓ અને લોકોએ ઘણી તકલીફો પણ સહન કરવી પડે છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ હવે રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી ખૂબ જરૂરી છે અને ગંભીરતાપૂર્વક તેમને એટલે કે જે રહેવાસીઓને પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે તેનું નિવારણ લાવવું પણ એટલું જ જરૂરી છે જો આ કરવામાં સમય લાગશે તો હજુ પણ ઘણા ખરા પ્રશ્નો ઊભા થાય તો નવાઈ નહીં આજ દિન સુધી અનેકવિધ ફરિયાદો અનેકવિધ મુદ્દાઓને લઈ ઉઠવા પામી હતી જેને આજ દિન સુધી નિવારવામાં આવી નથી અને લોકોએ આજની તારીખ સુધી હેરાન થવું પડે છે. રહેવા સિવાય જણાવ્યું હતું કે ૨૦૧૭માં આ આવાસ માટેના ફોર્મ ભરવામાં આવ્યા જ્યારે આ આવાસ તેઓને વર્ષ ૨૦૨૩ માં સોંપવામાં આવ્યા છે અને તેમાં પણ જે પ્લમ્બિંગનું કામ હોવું જોઈએ તે પૂરતું નથી કારણ કે હજુ બે થી અઢી વર્ષ જ સમય વીત્યો છે અને ઘરમાંથી પોપડા પડવા લાગ્યા છે.

### પાર્કિંગમાં અને ફ્લેટમાં થઈ રહ્યો છે ચુવાગ

કોઈપણ આવાસ યોજના જ્યારે બનાવવામાં આવતી હોય ત્યારે તે લાંબા સમય સુધી ચાલે અને રહેવાસીઓને કોઈપણ પ્રકારની હેરાનગતિ કે તકલીફનો સામનો ન કરવો પડે તે વાતની ગંભીરતા લેવામાં આવતી હોય છે એટલું જ નહીં તે પ્રસંગે પરિશ્રમ સોસાયટીમાં રૂડા દ્વારા જે એજન્સીને કામ સોંપવામાં આવેલું તેના દ્વારા કામ ખૂબ નબળું એટલે કે હલકી ગુણવત્તાનું કરવામાં આવ્યું હોવાની રાવ સ્થાનિકો કરી રહ્યા છે કારણ કે પાર્કિંગ અને ફ્લેટમાં બે વર્ષના સમયગાળામાં જ ચુવાગ થવાનો શરૂ થઈ ગયો છે જેથી ફ્લેટમાં રહેવું પણ ખૂબ મુશ્કેલ બની ગયું છે જો આ પરિસ્થિતિનો નિવેડો લાવવામાં નહીં આવે તો આવનારો સમય રહેવાસીઓ માટે ઘણો વિકટ બની રહેશે. આ અંગે રહેવા સિવાય જણાવ્યું કે રૂડા ને પણ આ બાબતે એકવાર નહીં અનેકવાર રજૂઆત કરવામાં આવેલી છે પરંતુ તેઓ અને જે આવાસ બનાવ્યા છે તે એજન્સી સતત ખો આપી રહ્યા છે અને સ્થાનિક લોકોએ પીસાવું પડે છે. હાલ ઘણા ખરા ફ્લેટમાં તો રહેવું ખૂબ મુશ્કેલ બની ગયું છે અને જે રીતે ભેજનું પ્રમાણ સતત વધી રહ્યું છે તેનાથી બિલ્ડીંગ પણ ખોખલું થઈ રહ્યું છે તેવી ફરિયાદ સ્થાનિક હોય કરી છે.



### લાભાર્થીઓએ ફ્લેટ પણ ચડાવી દીધા ભાડે




આવાસ યોજનાના જે ફ્લેટ લાભાર્થીઓને લાગતા હોય છે તે ફ્લેટમાં તે જ લાભાર્થી તેમના પરિવાર સાથે વસવાટ કરી શકે પરંતુ છેલ્લા ઘણા સમયથી એવા અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે જેમાં લાભાર્થીઓ દ્વારા તેમના ફ્લેટને ભાડે ચડાવી દેવામાં આવતો હોય છે પરંતુ વાસ્તવિકતા એ છે કે એ ફ્લેટને ભાડે ચડાવવું તે ગેરકાયદે છે છતાં પણ કોઈ પણ તંત્રની સેહસરમ રાખ્યા વગર ભાડું આ તો વસવાટ કરે છે આ અંગેની જાણ રાજકોટ શેરી વિકાસ સત્તા મંડળને પણ છે પરંતુ તેમના દ્વારા જે નકર પગલાં લેવામાં આવવા જોઈએ તે હજુ સુધી આવ્યા નથી અને આપ કારણે જ જે ભાડું આ તો છે તેઓ પોતાની મનમાની ચલાવતા થઈ ગયા છે.

### ફાયર સાધનોને પણ નથી બદલયા કે નથી અપાય ટ્રેનિંગ




ટીઆરપી અગ્નિકાંડ બાદ ફાયરને લઈને અનેકવિધ પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે હવે પરિશ્રમ સોસાયટીમાં જે ફાયર ના સાધનો મૂકવામાં આવ્યા છે તે પણ આઉટડેટેડ થઈ ગયા છે ત્યારે હવે આ સાધનોને બદલવામાં આવે અને સૌથી મહત્વની વાત તો એ છે કે અહીં વસતા લોકો ને હજુ સુધી ફાયર અંગેનું કોઈ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું નથી જે એક દુઃખની વાત છે.

---

## પહેલો સગો પાડોશી...એવુ કહેવાય છે પણ અહિ પડોશી રોજ ઉઠીને કરતો હતો ડખ્ખા

# દાદાગીરીઃ પડોશીએ રૂપિયા માંગ્યા, ન દેતા પાઈપ ફટકારી હાથ ભાંગી નાંખ્યો

## ચામુંડાનગરમાં રહેતાં રિક્ષાચાલક અને તેના ભાઇને પડોશીઓએ જ બેફામ ફટકાર્યાઃ બીજા બનાવમાં કચરા ફેંકવાની વાતે મહિલાને પડોશીઓએ ફટકાર્યાઃ ત્રીજા બનાવમાં કપડા લેવા રૂપિયા ન દેતાં યુવાનને મિત્રએ ગાળો ભાંડી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૩**

શહેરમાં અનુક લોકો માથાકુટો કરવા માટે કોઈપણ કારણ ન હોય તો પણ મંડી પડતો હોય છે અને બીજા માટે ત્રાસરૂપ બની જતો હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં કુવાડવા રોડ પર ચામુંડા સોસાયટીમાં રહેતાં રિક્ષાચાલક યુવાન પાસે તેની શેરીમાં જ રહેતાં બે ભાઇઓ વારંવાર રૂપિયાની માંગણી કરતાં હોઇ પણ તે રૂપિયા આપતો ન હોઇ આ બાબતનો ખાર રાખી યુવાન તેના ભાઇને રિક્ષામાં બેસાડી મુકવા જતો હતો ત્યારે પડોશમાં જ રહેતાં બંને ભાઇઓ સહિત ત્રણ જણાએ જુના મોરબી રોડ પર રિક્ષા આંતરી ફરીથી રૂપિયા માંગતા ના પાડતાં આ ત્રણેયએ બંને ભાઇઓ પર લોખંડના પાઇપથી હુમલો કરી બેફામ માર માર્યો હતો. આ હુમલો એવો હતો કે જેમાં રિક્ષાચાલક યુવાનનો એક હાથ ભાંગી ગયો હતો, તેના ભાઇને પણ માર પડ્યો હતો.

રૂપિયા માંગી દાદાગીરી કરી હુમલો કરવાની આ ઘટનામાં બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ રણછોડદાસ બાપુના આશ્રમ નજીક ચામુંડા સોસાયટી-૧૩માં રહેતાં પાંત્રીસ વર્ષના રિક્ષાચાલક સંજયભાઇ શંકરદાસ અગ્રાવતની ફરિયાદ પરથી દિપક ઉર્ફ પડોશમાં જ રહેતાં દીપો જીવણપુરી રામાવત, હકો જીવણપુરી રામાવત અને સુનિલ ઉર્ફ શેટ્ટી ઉર્ફ ભવન મોતીદાસ ગોસ્વામી વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. સંજય અગ્રાવતે જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહુ છું. મારે એક પુત્ર છે. અમારા સમાજનો દિપક રામાવત, તેનો ભાઇ હકો અમારી શેરીમાં જ રહે છે. તે અવાર-નવાર મારી પાસે રૂપિયાની માંગણી કરતાં હોઇ હું ના પાડુ તો મારી સાથે ઝઘડો કરી ગાળો દેતાં હતાં. પરંતુ તે અમારા સમાજના જ હોઇ જેથી હું સમાધાન કરી લેતો હતો અને પોલીસ ફરિયાદ કરતો નહોતો, મેં તેની પાસે કદી રૂપિયા લીધા નથી.

સંજયભાઇએ આગળ જણાવ્યું હતું કે



રવિવારે હું અને મારા મોટા ભાઇ ચાલીસ વર્ષના મગનભાઇ શંકરદાસ અગ્રાવત (રહે. મોરબી રોડ જય જવાન જય કિસા સોસાયટી) મારી રિક્ષામાં બેસી પરોવડી ચોકથી મોરબી રોડ જતાં હતાં જુના મોરબી રોડ ધોકળીયા સ્કૂલ પાસે પહોંચતા દિપક ઉર્ફ દિપો, હકો અને સુનિલ ઉર્ફ શેટ્ટી ઉર્ફ ભવન ગોસ્વામી રિક્ષામાં બેસીને મારી પાસે આવ્યા હતાં અને મારી રિક્ષા ઉભી રખાવી હતી. ત્યાર બાદ ત્રણેયએ મારી પાસે આવી ફરીથી રૂપિયા માંગતા મેં તેને રૂપિયા આપવાની ના પાડતાં તે ઉશ્કેરાઇ ગયા હતાં અને દિપકે પાઇપથી હુમલો કરી મને પગના નળામાં ઘા મારી દીધો હતો. હકાએ પણ પાઇપથી મારા ભાઇને કોણી પર ઇજા પહોંચાડી હતી. તેમજ દિપકે ફરીથી મને કપાળે અને આંખ પાસે લોખંડના પાઇપના ઘા ફટકારતાં મને લોહી નીકળવા માંડ્યા હતાં. સુનિલ ઉર્ફ શેટ્ટીએ પણ ગાળો દીધી હતી અને ઝઘડો કર્યો હતો.

દેકારો થતાં લોકો ભેગા થઇ જતાં આ ત્રણેય ભાગી ગયા હતાં. અમારા ઓળખીતા નીકળતાં અમને દવાખાને લઇ ગયા હતાં. તબિબે નિદાન કરતાં મારા જમણા પગમાં ફ્રેક્ચર થયાનું જણાયુ હતું. આંખ પાસે છ સાત ટાંકા લેવા પડ્યા હતાં. બનાવની જાણ થતાં બી-ડિવીઝન પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. હિતેષભાઇ જે. જોગડાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

બીજા બનાવમાં ન્યુ રાજદીપ સોસાયટી મેઇન રોડ પર રહેતાં અને ઇમીટેશનનું કામ કરતાં વંદનાબેન ધર્મેન્દ્રભાઇ ચાવડા નામના મહિલાને પડોશી રિધ્ધીબેન અને તેના પતિ અજયભાઇએ ધોકાથી માર મારી ઇજા કરી મારી નાખવાની ધમકી આપતાં તાલુકા પોલીસ સ્ટેશનના જનકસિંહે ગુનો નોંધ્યો છે. ઘર પાસે કચરો નાખવા જેવી વાતે આ ડખ્ખો થયો હતો.

ડખ્ખાની ત્રીજી ઘટનામાં જીલ્લા ગાર્ડન પાસે બાપુનગર મેઇન રોડ પર રહેતાં મોહિત હરેશભાઇ રાઠોડ નામના ચોત્રીસ વર્ષના યુવાનને તેના મિત્ર નવી ઘાંચીવાડના ધર્મેશ ભનુભાઇ પરમાર અને તેના ભાઇ હિતેષ પરમારે ગાળો દઇ ઝઘડો કરતાં ભક્તિનગર પોલીસે ગુનો નોંધ્યો છે. મિત્રએ કપડા લેવા પૈસા માંગતા મોહિતે ન આપતાં આ માથાકુટ થઇ હતી. હેડકોન્સ. હિતેન્દ્રસિંહે ફરિયાદ દાખલ કરી હતી.

### ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ

# દરિયામાંથી ૨૫૦૦૦ કરોડનું ૫૫૦૦ કિલો ડ્રગ્સ ઝડપતુ કોસ્ટગાર્ડ

## ભારતીય કોસ્ટ ગાર્ડને મળી સફળતા : કોસ્ટ ગાર્ડના ડોર્નિયર એરક્રાફ્ટને શંકાસ્પદ બોટ મળી આવી તપાસમાં થયો ધડાકો : છ ખલાસીઓની અટકાયત



નવીદિલ્હી, તા. ૨૫

દરિયાઈ માર્ગે દેશમાં ડ્રગ્સની દાણચોરી થઈ રહી છે. સોમવારે, ભારતીય કોસ્ટ ગાર્ડે આંદામાનના પાણીમાં એક બોટમાંથી ૫૫૦૦ કિલો ડ્રગ્સનું કન્સાઇનમેન્ટ અટકાવ્યું હતું. ભારતીય કોસ્ટ ગાર્ડના ડોર્નિયર મેરીટાઇમ સર્વેલન્સ એરક્રાફ્ટ દ્વારા બોટને સૌપ્રથમ શોધી કાઢવામાં આવી હતી. બોટમાં સવાર તસ્કરોએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો.  આ પછી ICGS જહાજે બોટને દરિયામાં પકડી લીધી.  ભારતે દરિયાઈ માર્ગે નાર્કો આતંકવાદને જડમૂળથી ખતમ કરવા માટે ઓપરેશન શરૂ કર્યું છે. ભારતીય કોસ્ટ ગાર્ડે પહેલા પાકિસ્તાનની કમર તોડી અને હવે મ્યાનમારનો વારો છે. કોસ્ટ ગાર્ડે ભારતીય વિશિષ્ટ આર્થિક ક્ષેત્ર એટલે કે EEZમાં આવી કોઈપણ પ્રવૃત્તિને રોકવા માટે તૈયારી કરી લીધી છે અને તેના ભાગરૂપે કોસ્ટ ગાર્ડના ડોર્નિયર એરક્રાફ્ટને આંદામાન નિકોબાર નજીક ભારતીય EEZમાં એક શંકાસ્પદ બોટ જોવા મળી હતી. આશરે ૨૫ હજાર કરોડનું ડ્રગ્સ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

કોસ્ટ ગાર્ડે તાત્કાલિક કાર્યવાહી કરી બોટને અટકાવી તેની શોધખોળ હાથ ધરી હતી. બોટની શોધખોળ દરમિયાન જે મળ્યું તે જોઈને કોસ્ટગાર્ડના અધિકારીઓ રડી પડ્યા હતા. આ આખી બોટ ડ્રગ્સથી ભરેલી હતી. આ બોટમાં ટી બેગના બોક્સ રાખવામાં આવ્યા હતા અને તે ટી બેગમાં સફેદ પાવડર ભરેલ હતો. પ્રોટોકોલ મુજબ પોર્ટેબલ ટેસ્ટ કીટનો ઉપયોગ કરીને જ્યારે દવાની તપાસ કરવામાં આવી ત્યારે સફેદ પાવડરમાં ડ્રગ્સ સિવાય બીજું કંઈ જ ન હોવાનું બહાર આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ડ્રગ મેથામ્ફેટામાઈન છે, જેને પિંક ડ્રગ અથવા યાબા તરીકે પણ ઓળખવામાં આવે છે.

નવાઈની વાત એ છે કે દવાનો જથ્થો માત્ર એક-બે કિલોનો ન હતો પરંતુ ૫૫૦૦ કિલોનો હતો. બોટમાંથી બે કિલોના લગભગ ૩૦૦૦ પેકેટ મળી આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડોમાં છે. બોટમાંથી છ ખલાસીઓની પણ અટકાયત કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલી રહી છે. અત્યાર સુધી, આ પ્રથમ વખત છે જ્યારે કોસ્ટ ગાર્ડે એક સાથે ડ્રગ્સનું આટલું મોટું કન્સાઇનમેન્ટ જપ્ત કર્યું છે. સુરક્ષા એજન્સીઓ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર અગાઉ આ ડ્રગ મ્યાનમારથી જમીન માર્ગે ભારત મોકલવામાં આવતું હતું. તેના મોટાભાગના કેસો મિઝોરમમાં નોંધાયા છે.  મિઝોરમ ડ્રાય સ્ટેટ હોવાથી અને ત્યાંના લોકો નશા માટે ડ્રગ્સનો ઉપયોગ કરે છે, તેથી ત્યાં તેનું સેવન સરળતાથી થાય છે. મ્યાનમારમાં ચાલી રહેલા ગૃહયુદ્ધને કારણે બળવાખોરો માટે ડ્રગની દાણચોરી સૌથી મોટી આવકનો સ્રોત બની ગઈ છે, પરંતુ જ્યારથી સુરક્ષા દળોએ ભારત-મ્યાનમાર સરહદ પર કડકાઈ વધારી છે, ત્યારથી મ્યાનમારમાં કાર્યરત સંગઠનો માટે મુશ્કેલ સમય આવી ગયો છે. જમીન તેમજ દરિયામાં પણ ડ્રગ્સની દાણચોરીની નવી પદ્ધતિ અપનાવવામાં આવી છે.

### જપ્ત કરાયેલી ડ્રગ્સને યાબા, પિંક ડ્રગ અથવા મેટાએમ્ફેટામાઇન તરીકે ઓળખાઈ છે

કોસ્ટ ગાર્ડ દ્વારા જપ્ત કરાયેલી દવાને યાબા, પિંક ડ્રગ અથવા મેટાએમ્ફેટામાઇન જેવા અલગ-અલગ નામોથી ઓળખવામાં આવે છે ગોળીના રૂપમાં ઉપલબ્ધ આ ડ્રગનો રંગ ગુલાબી છે, જેના કારણે તેને પિંક ડ્રગ તરીકે ઓળખવામાં આવે છે.  આ ગોળી મ્યાનમાર થઈને ભારતના મોટા શહેરોમાં પહોંચે છે.  આ દવાનો નફો ઘણો વધારે છે, જે ગોળી મ્યાનમારમાં માત્ર રૂ. ૧૦માં વેચાય છે, તે મિઝોરમ જતા સમયે રૂ. ૩૦૦ પ્રતિ ગોળી અને દિલ્હી જેવા અન્ય મહાનગરોમાં રૂ. ૨૦૦૦થી વધુ ભાવે વેચાય છે. મુંબઈ.  મ્યાનમારના ડ્રગ રૂટમાં ભારત, લાઓસ, થાઈલેન્ડ, મલેશિયા અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે અને અહીંથી જ તેની દાણચોરી થાય છે.

